ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/12-22/છ, તા. 1-3-2016 –થી મંજૂર

# સંગીત

## (કંઠ્ય અને સ્વર વાદ્ય)

## ધોરણ 11

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમના કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**કિંમત : ₹ 95.00**

તમસોમા જ્યોતિર્ગમય
**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
**'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર — 382010**

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

શ્રી ભૂપેન્દ્રભાઈ એચ. શાહ

**લેખન**

શ્રી મનુભાઈ શાહ
શ્રી હેમેન્દ્રભાઈ ભોજક
શ્રી કમલેશ સ્વામી
શ્રી હિતેશ પ્રજાપતિ
શ્રી જય શિંદે
શ્રીમતી પ્રજ્ઞા વૈદ્ય
શ્રી દીપકભાઈ રાણા
શ્રી રસેશ ગાંધી

**સમીક્ષા**

ડૉ. મોનિકા શાહ
શ્રી પ્રવીણ લાંઘણોજા
શ્રી સોનલ પંડ્યા
શ્રી ગોવિંદભાઈ બારોટ

**ભાષાશુદ્ધિ**

ડૉ. પૂર્વી ઓઝા

**સંયોજન**

શ્રી ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-આયોજન**

શ્રી હરેશ એસ. લિંબાચિયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લિંબાચિયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 11, સંગીત (કંઠ્ય અને સ્વર વાદ્ય)** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલું આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં એની હસ્તપ્રતની આ સ્તરે શિક્ષણકાર્ય કરતાં અને તજ્જ્ઞો દ્વારા સર્વાંગી સમીક્ષા કરાવવામાં આવી છે. શિક્ષકો તથા તજ્જ્ઞોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારા-વધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**એચ.એન.ચાવડા**
નિયામક
તા.01-03-2016

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2016**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ.એન.ચાવડા, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેનાં આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપંખીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ તથા જિજ્ઞાસા અને સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતા રહી, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ ૬ થી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા

## વિભાગ 1 (સૈદ્ધાંતિક)


| | | |
|---|---|---|
| 1. | પારિભાષિક શબ્દોની વ્યાખ્યા | 1 |
| 2. | ગીતપ્રકારો | 3 |
| 3. | રાગજ્ઞાન | 5 |
| 4. | તાલજ્ઞાન | 15 |
| 5. | તાન, થાટ અને નાદ-પરિચય | 19 |
| 6. | જીવનચરિત્ર | 23 |
| 7. | નિબંધ | 29 |


## વિભાગ 2 (ક્રિયાત્મક)


| | | |
|---|---|---|
| 1. | સ્વરજ્ઞાન | 35 |
| 2. | રાગજ્ઞાન | 39 |
| 3. | તાલજ્ઞાન | 107 |
| 4. | ગીતપ્રકારો | 110 |

## શિક્ષકો માટે...

**ધોરણ 11, સંગીતના અભ્યાસક્રમમાં...**

(1) સંગીત કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યના અભ્યાસક્રમ મુજબ આપેલ છે. જેમાંથી ક્રિયાત્મકના એકમમાં આપેલ કંઠ્યના વિદ્યાર્થીઓને કંઠ્યના (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓને પોતાના સ્વરવાદ્ય પ્રમાણે ક્રિયાત્મક (પ્રાયોગિક) આ સાથેના અભ્યાસક્રમ મુજબ તૈયારી કરાવવાની રહેશે.

સૈદ્ધાંતિક વિષય કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓ માટે સમાન (એકસરખો) રહેશે.

(2) સંગીત-તબલા અભ્યાસક્રમનું પુસ્તક અલગ રીતે તૈયાર કરવામાં આવ્યું છે. તે પ્રમાણે તાલવાદ્ય (તબલા)ના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાનો રહેશે. જેમાં વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમ મુજબ ક્રિયાત્મક (પ્રાયોગિક) અને સૈદ્ધાંતિક (શાસ્ત્ર)ની તૈયારી કરાવવાની રહેશે.

(3) સંગીત (કંઠ્ય) અને સંગીત (સ્વરવાદ્ય)ના વિદ્યાર્થીઓ માટે લેખિત પરીક્ષા ભાગ 1 રહેશે. જ્યારે સંગીત (તબલા)ના વિદ્યાર્થીઓ માટે ભાગ 2 રહેશે.

(4) પ્રશ્નપત્રમાં ભાગ 1 અને ભાગ 2 છાપવામાં આવશે.

(5) સંગીત કંઠ્ય, સ્વરવાદ્ય અને તબલાના અભ્યાસક્રમનું આયોજન વર્ગ દીઠ (પાંચ) 'પાંચ' તાસ (પિરિયડ)નું છે.

(6) આ પુસ્તકમાં 'વિભાગ 1' સૈદ્ધાંતિક (શાસ્ત્ર)નો જ્યારે 'વિભાગ 2'માં ક્રિયાત્મક (પ્રાયોગિક)નો સમાવેશ કરવામાં આવ્યો છે. કંઠ્ય સંગીતના વિદ્યાર્થીઓને ક્રિયાત્મક (પ્રાયોગિક)માં ગાયનની (ગાવાની) તાલીમ આપવાની રહેશે. જેમાં આ પાઠ્યપુસ્તકમાં આપેલ બંદિશો અને આલાપ-તાન શીખવાડવાના રહેશે.

જ્યારે સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ તેમણે પસંદ કરેલા સ્વરવાદ્યની તૈયારી કરાવવાની રહેશે.

સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ નીચેના સ્વરવાદ્યમાંથી ગમે તે એક સ્વરવાદ્યનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

(1) હાર્મોનિયમ (2) વાંસળી (3) સિતાર (4) સરોદ (5) વાયોલિન (6) દિલરૂબા (7) ગિટાર (8) મેન્ડોલિન

આ સ્વરવાદ્યોમાંથી ગમે તે એક સ્વરવાદ્યમાં પાઠ્યપુસ્તક આધારિત ગતની તૈયારી કરાવવાની રહેશે.

(7) આધુનિક સાધનોથી સજ્જ એવા અલગ સંગીત ખંડની જોગવાઈ હોવી ઇચ્છનીય છે. સંગીતના આધુનિક ઉપયોગી ઈલેક્ટ્રૉનિક ઉપકરણો જેવા કે, સ્વરપેટી, તાનપુરો, તાલયંત્ર, ડીવીડી પ્લેયર, માઇક્રોફોન, કી-બોર્ડ, રૅકોર્ડિંગ સિસ્ટમ, સીડી તેમજ વિવિધ તાલને લગતાં ઉપકરણો. સંગીત માટે આધુનિક સંગીતવિષયક લાયબ્રેરી અને અલાયદા વર્ગખંડની ભારતીય બેઠક સહિતની વ્યવસ્થા હોવી જરૂરી છે.

(8) વિદ્યાર્થી ભવિષ્યમાં રંગમંચ પર પ્રસ્તુતિ તરફ દૃષ્ટિ કેળવીને વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ કેળવાય, રિયાઝ દ્વારા નૈસર્ગિક મધુર કંઠ કેળવાય, સ્વર, રાગ, તાલનું જ્ઞાન મેળવી વિદ્યાર્થી રંગમંચ પર સંગીતની પ્રસ્તુતિ કરવાનું કૌશલ્ય કેળવી શકે, તે આ પાઠ્યપુસ્તકનો ઉદ્દેશ છે.

(9) વિદ્યાર્થી સંગીતની રસચેતનાનો અનુભવ કરે, આનંદ માણે, કદર કરે, તે ઉપરાંત પરંપરાગત લોકસંગીતના ઢાળ તેમજ સ્પષ્ટ ઉચ્ચારણો અને અવાજ કેળવે તથા શ્વાસોશ્વાસની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને બૌદ્ધિક સમજ કેળવે અને વિશેષ કરીને એ વિદ્યાર્થીઓની રચનાત્મક (ક્રિએટિવ) શક્તિઓને યોગ્ય દિશાસૂચન મળે એ આ પાઠ્યપુસ્તકનો મુખ્ય હેતુ છે.

(10) ધોરણ 11 તબલા વિષયની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળાકક્ષાએ લેવાની રહેશે.

•

## આ પાઠ્યપુસ્તક વિશે...

શિક્ષણનો અંતિમ ઉદ્દેશ માનવીના જ્ઞાન, ઉચ્ચતમ ભાવનાઓનો વિકાસ અને સંસ્કારોનું સિંચન કરવાનો છે. તદુપરાંત, સંગીતમાં તાલ પ્રત્યે અભિરુચિ કેળવાય, સંગીતમાં રસ ઉત્પન્ન થાય તે રીતે શિષ્ટ સંગીતની સમજ ધરાવતા સમાજનું નિર્માણ થાય, તે પણ છે.

સંગીતવિદ્યામાં તાલ એ સંગીતનો પ્રાણ છે. તાલ એ ગાયન, વાદન અને નૃત્યની સર્જનાત્મક કલાને જીવંત બનાવી, કલાકારની રંગમંચ પ્રસ્તુતિની સુંદરતામાં વધારો કરે છે અને રસજ્ઞ શ્રોતાઓના ચિત્તને પ્રસન્નતાથી ભરી દઈ આનંદ આપે છે. આવા તાલની સ્પષ્ટ અને વિસ્તૃત સમજ માટે વિદ્યાર્થી પ્રત્યક્ષ ગુરુ પાસે તાલીમ લઈ તાલના વિવિધ ઠેકા, માત્રા સાથે લયની સમજ સાથસંગત માટે કેળવે તે અત્યંત જરૂરી છે.

વહેતા સમયને લયથી બાંધવો એ તાલ. તાલ એ ગાયન, વાદન કે નૃત્યની ક્રિયામાં પ્રાણ પૂરી ગીતને ગતિ આપે છે. ભારતીય તાલવાદ્યોમાં ચામડાથી મઢેલાં વાદ્યો જેવા કે, પખવાજ, તબલા, ઢોલ, ઢોલક, નાલ વગેરેમાંથી નીકળતો ઘેરો અવાજ ગાયન-વાદનની ક્રિયામાં ભળી જઈ ક્રિયાને નિયંત્રિત કરી, કલાકારની કલ્પનાશક્તિમાં વધારો કરી, ઉત્સાહ વધારી શ્રોતાઓના મન-હૃદયને આનંદિત કરે એવું ખાસ વાતાવરણ ઉત્પન્ન કરવાની તાકાત ધરાવે છે.

ભારતીય સંગીતમાં તાલ એક અને એના સ્વરૂપ અનેક છે. ગાયન, વાદન અને નૃત્યક્રિયાની આંટીઘૂંટીમાં તાલ રચાય છે. તાલ રમે છે અને રમાડે છે. તાલમાં લયકારી ગણિત અને સમયના સૂક્ષ્મ ભાગની ગણતરી થાય છે. ભારતીય તાલની આ વિશેષતા છે. ભારતીય સંગીત સ્વરપ્રધાન છે જ્યારે વિદેશી સંગીત તાલપ્રધાન છે.

આ પુસ્તકમાં અવનદ્ધ વાદ્ય - તબલાનો પૂર્ણ પરિચય તથા તે વાદ્યોને કેવી રીતે વગાડવા તેની રીત, તેના વિવિધ ગુણો અને અલગ-અલગ માત્રાઓ અને બોલથી બનતા તાલ કેવી રીતે વાગે તેની સરળ અને શાસ્ત્રીય માહિતી આપી સમજાવવામાં આવ્યું છે.

તબલાવાદનને સમજવા માટે લય, તાલ, સમ, ખાલી, કાયદા, ટુકડા, રેલા, પરન વગેરે પારિભાષિક શબ્દોનો પરિચય અહીં ઉદાહરણસહિત આપવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓ તબલાવાદનની પ્રયોગલક્ષી પ્રવૃત્તિઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે કરશે તેવી અપેક્ષા સહ.

•

# વિભાગ 1 (સૈદ્ધાંતિક)

## 1 પારિભાષિક શબ્દોની વ્યાખ્યા

**પ્રસ્તાવના**

સંગીતમાં પ્રાયોગિક જ્ઞાનની સાથે સાથે સંગીતવિષયક પારિભાષિક શબ્દોની સમજ સ્પષ્ટ હોવી જરૂરી છે. આ એકમનો ઉદ્દેશ ગીતના અવયવો – સ્થાયી, અંતરા, સંચારી, આભોગ, જન્યરાગ, જનકરાગ, ગ્રહ, અંશ, ન્યાસ, ગમક, ઘસીટ, મીંડ વગેરેની સમજ કેળવાય તે છે. આ એકમમાં આપણે પારિભાષિક શબ્દોની વ્યાખ્યા જોઈશું.

---

**(1) ગીતના અવયવો :**

ગીતના જુદા જુદા વિભાગને ‘અવયવ’ અથવા ‘ધાતુ’ કહે છે. વિલંબિત ખ્યાલ અને છોટા ખ્યાલ ચીજમાં સ્થાયી અને અંતરા બે જ અવયવ વિશેષ જોવા મળે છે. જ્યારે ધ્રુપદ,ધમાર વગેરે ગીતપ્રકારોમાં ચાર અવયવો જોવા મળે છે :

(i) **સ્થાયી :** ગીતના પહેલા વિભાગને **‘સ્થાયી’** કહે છે. સ્થાયીમાં મંદ્ર અને મધ્ય સપ્તકના સ્વરો વિશેષ વપરાય છે.

(ii) **અંતરા :** ગીતના બીજા વિભાગને **‘અંતરા’** કહે છે. અંતરામાં મોટે ભાગે મધ્ય અને તાર સપ્તકના સ્વરો વિશેષ વપરાય છે.

(iii) **સંચારી :** ગીતના ત્રીજા વિભાગને **‘સંચારી’** કહે છે. સ્થાયીની જેમ અહીં મંદ્ર અને મધ્ય સપ્તકના સ્વરો વિશેષ વપરાય છે.

(iv) **આભોગ :** ગીતના ચોથા વિભાગને **‘આભોગ’** કહે છે. તેની સ્વરરચના લગભગ અંતરા જેવી હોય છે પણ તેમાં તાર સપ્તકના સ્વરોનો વિશેષ ઉપયોગ થાય છે.

**(2)** (i) **જન્યરાગ :** મુખ્ય થાટમાંથી ઉત્પન્ન થયેલ રાગને **‘જન્યરાગ’** કહે છે.

(ii) **જનકરાગ :** ‘જનક’ શબ્દનો સામાન્ય અર્થ ‘પિતા’ થાય છે. થાટના મુખ્ય રાગને **‘જનકરાગ’** કહે છે. દા.ત. કલ્યાણ.

**(3) ગ્રહસ્વર :**

કોઈ પણ રાગ આરંભ કરવા માટે એક ચોક્કસ સ્વર નક્કી કરવામાં આવે તેને **‘ગ્રહસ્વર’** કહેવામાં આવે છે. દા.ત. રાગ યમન મંદ્ર સપ્તકના નિષાદથી શરૂ થાય છે.

**(4) અંશ :**

ગાયન કે વાદનમાં જે સ્વરનો પ્રયોગ વારંવાર થાય તેને **‘અંશ’** એટલે કે **‘વાદીસ્વર’** કહે છે. દા.ત. રાગ ભૂપાલીનો અંશ સ્વર ગંધાર છે.

**(5) ન્યાસ :**

‘ન્યાસ’ એટલે ‘રોકાવું’. રાગાલાપ કરતી વખતે જે સ્વર પર અનેકવાર રોકાણ કરવામાં આવે છે, તેને **‘ન્યાસ સ્વર’** કહેવાય છે. ન્યાસ સ્વરના યોગ્ય ઉપયોગથી રાગની સુંદરતા અને ભાવ પ્રગટ થાય છે. અર્વાચીન કાળમાં દરેક રાગમાં વાદી, સંવાદી અને મહત્ત્વના સ્વર ઉપર રાગના વિસ્તારના સમયે અલ્પ સમય માટે વિરામ કરાય છે તેને **‘ન્યાસ સ્વર’** કહે છે.

**(6) ગમક :**

સ્વરોનું એવું કંપન જે સાંભળનારનાં મનને સુખદાયી લાગે તે **‘ગમક’** કહેવાય છે. પ્રાચીન કાળમાં કંપિત સ્વરને **‘ગમક’** કહેવામાં આવતો. આધુનિક કાળમાં હૃદય ઉપર ભાર મૂકી સ્વરોના ગંભીરતાપૂર્વક ઉચ્ચારણ કરવાની ક્રિયાને **‘ગમક’** કહેવામાં આવે છે.

**(7) ઘસીટ :**

જ્યારે સિતાર પર એક જ મિજરાબના આઘાતમાં આંગળીને ઘસીને ઝડપથી અનેક સ્વર વગાડવામાં આવે તો તે ક્રિયાને **'ઘસીટ'** કહે છે.

**(8) મીંડ :**

એક સ્વર પરથી બીજા સ્વર ઉપર ઘર્ષણથી ગાતા-વગાડતા જવાની ક્રિયાને **'મીંડ'** કહે છે. એક સ્વરથી બીજા સ્વર ઉપર ગાતા-વગાડતાં જવાની ક્રિયા વખતે અવાજ તૂટતો નથી, અતૂટ રહે છે, અખંડ રહે છે, તેને **'મીંડ'** કહે છે. સ્વરોમાં માધુર્ય ઉત્પન્ન કરવા મીંડનો વિશેષ પ્રયોગ થાય છે. સાંપની મીંડમાં 'સાં પ' સ્વરની વચ્ચે આવતા 'ની' અને 'ધ' સ્વર પણ લાગશે, પરંતુ એ ક્રિયા કરતી વખતે ની અને ધ નું અસ્તિત્વ સ્પષ્ટ રૂપથી ન સંભળાવું જોઈએ. મીંડ સ્વરોની ઉપર ઊલટા અર્ધચંદ્રાકાર જેવું ચિહ્ન દર્શાવાય છે. ઉ.દા. સાંપ

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(1) કયા ગીતપ્રકારમાં લગભગ ગીતના ચાર અવયવો જોવા મળે છે ?

(2) જન્યરાગ એટલે શું ?

(3) અંશ સ્વર એટલે શું ?

(4) ન્યાસ સ્વર કોને કહેવાય ?

(5) મીંડનું ચિહ્ન શું છે ?

(6) ગમક કોને કહેવાય ?

(7) ગ્રહસ્વર એટલે શું ?

**2. સાચા જવાબ સામે ✓ ટીક કરો :**

(1) ગીતના અવયવો કેટલા છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

(2) ગીતના બીજા વિભાગને શું કહે છે ?

(A) અંતરા (B) સ્થાયી (C) સંચારી (D) આભોગ

(3) જે સ્વર પર વારંવાર અટકવામાં આવે તેને શું સ્વર કહે છે ?

(A) અંશ (B) ન્યાસ (C) ગ્રહ (D) વક્ર

(4) મીંડનું ચિહ્ન કયું છે ?

(A) સારે (B) રેધ (C) ગ.મ. (D) ધ ગ

(5) ગીતના પ્રારંભિક સ્વરને શું કહે છે ?

(A) ગ્રહ (B) વક્ર (C) અંશ (D) ન્યાસ

(6) જેમાંથી રાગ ઉત્પન્ન થતો હોય તેને શું કહે છે ?

(A) રાગ (B) સરગમ (C) થાટ (D) અલંકાર

•

# 2 ગીતપ્રકારો

**પ્રસ્તાવના**

ભારતીય શાસ્ત્રીય સંગીત એ સૃષ્ટિ ઉપર દેવો દ્વારા મળેલ એક દિવ્ય ભેટ છે. આ દિવ્યસંગીતના ગીતપ્રકારોની સાધના કે શ્રવણ કરી ઈશ્વરપ્રાપ્તિ કર્યાના અનેક દૃષ્ટાંતો સંગીતશાસ્ત્રમાં વિદ્યમાન થયેલ છે. સંગીતસાધકે ભારતીય સંગીતના ખ્યાલ, દ્રુપદ, ટપ્પા, ઠુમરી, ચતરંગ, હોરી અને કજરી જેવા ગીતપ્રકારોની તાલીમ પ્રાપ્ત કરી ખ્યાતિ પ્રાપ્ત કરી છે.

આ એકમમાં વિદ્યાર્થીઓ ગીતપ્રકારોની શાસ્ત્રીય માહિતી સાથે તેની વિસ્તૃત સમજ મેળવે તેવો પ્રયત્ન થયો છે.

---

**(1) ચતરંગ એટલે ચાર અંગ.**

(1) ખ્યાલ (2) તરાના (3) સરગમ અને (4) ત્રિવટ

પહેલા ભાગમાં ગીતના બોલ, બીજા ભાગમાં તરાનાના બોલ, ત્રીજા ભાગમાં રાગની સરગમ અને ચોથા ભાગમાં મૃદંગ કે પખાવજના બોલની સુંદર રચના હોય છે. આ ગીતપ્રકાર મુખ્યત્વે તાલ-ત્રિતાલમાં ગવાય છે. આ ગીતપ્રકારમાં તાનો ખૂબ ઓછી લેવાય છે.

**(2) ટપ્પા :**

આ ગીતપ્રકાર એ એક ઉપશાસ્ત્રીય સંગીતનો પ્રકાર છે તથા આ ગીતપ્રકાર પંજાબી ગણાય છે. કારણ કે તેમાં મુખ્યત્વે પંજાબી ભાષા સાંભળવા મળે છે. આ ગીતપ્રકાર રાગ – કાફી, ખમાજ, ભૈરવી, ઝિંઝોટી વગેરે રાગોમાં ગવાય છે. આ ગીતપ્રકારની ગતિ બહુ ત્વરિત હોય છે. તાન અને ખટકા—મૂર્કીથી જ તેને વિસ્તારિત કરવામાં આવે છે. આ ગીતપ્રકારમાં તાલ—પશ્તો, પંજાબી, દીપચંદી વગેરે તાલમાં ગવાય છે. આ ગીતપ્રકારની ગાયનશૈલીની ગાયિકાઓમાં રસૂલનબાઈ, સિદ્ધેશ્વરીદેવી, ગિરજાદેવી વગેરે છે. એવું કહેવાય છે કે લખનૌના નવાબ આશિક ઉદ્દૌલના દરબારમાં એક પંજાબી ગાયક જેનું નામ શૌરીમિયાં હતું તેમણે આ ગાયકીનો આવિષ્કાર કર્યો હતો. આ ગીત શૃંગારરસપ્રધાન છે. કેટલાક ગુણીજનોના મતે પ્રાચીન 'વેસરાગીતિ'થી આ ગાયનશૈલીની ઉત્પત્તિ થઈ તેવું તેમનું માનવું છે.

**(3) હોરીગીત :**

આ ગીતપ્રકારને ઉત્તર હિન્દુસ્તાની સંગીતમાં ગાવાનો રિવાજ છે. મુસ્લિમ ગવૈયાઓ અને ગાયિકાઓ પણ હોલિકાના સમયમાં હોરી ગાય છે. દરેક હોરી ગીત ઉપશાસ્ત્રીય રાગમાં ગવાય છે. સ્થાયી અને અંતરા આ બે વિભાગ હોરીમાં હોય છે. હોરીગીતો મુખ્યત્વે હિન્દી અને વ્રજ ભાષામાં જોવા મળે છે. શ્રીકૃષ્ણ—રાધાના પ્રણયનાં તથા હોરી ખેલવાના આનંદમય ગીતો તેમાં રચવામાં આવે છે, અર્થાત્ શૃંગારરસ આધારિત પ્રભુભક્તિનાં પ્રણયગીતો રચી ગવાય છે. આ ગીતપ્રકાર ક્યારથી શરૂ થયો હશે તે ચોક્કસ કહેવું મુશ્કેલ છે. આ ગીતપ્રકાર સ્ત્રીઓના મુખે વધુ સારા લાગે છે. ધમારને 'હોરી' કે 'હોલી' પણ કહેવામાં આવે છે. હાલમાં આ ગીતપ્રકાર 'હવેલી સંગીત' તરીકે ઓળખાય છે તથા વૈષ્ણવ સંપ્રદાયના મંદિરોમાં ફાગણ માસમાં ખાસ ગવાય છે. હોરીગીતોમાં વ્રજની હોળીનું વર્ણન જોવા મળે છે. આ ગીતનો પ્રકાર મુખ્યત્વે પખાવજ કે મૃદંગ વાદ્ય ઉપર ચૌદ માત્રાના 'ધમાર' તાલમાં વધુ ગવાય છે.

**(4) કજરી :**

કજરી એ ઉત્તરપ્રદેશના લોકસંગીતનો એક ગીતપ્રકાર છે. આ ગીતપ્રકારમાં વર્ષાઋતુ, વિરહ, રાધા—કૃષ્ણની લીલાઓ વગેરેનું વર્ણન વધારે જોવા મળે છે. શૃંગારરસ આ ગીતપ્રકારમાં મુખ્યત્વે જોવા મળે છે. મિર્જાપુર તથા બનારસમાં કજરી ગાવાનો પ્રચાર વધુ જોવા મળે છે. બનારસની કજરીઓ મધુર અને લોકપ્રિય છે. કજરીમાં સ્થાયી-અંતરા એમ બે ભાગ જોવા મળે છે. કજરીની ગાયનશૈલી તાર સપ્તકમાં વધુ શોભે છે. મહદંશે ગાયક કરતાં ગાયિકાઓ આ ગીતપ્રકારને વધુ ન્યાય આપે છે. કજરીમાં ખાસ કરીને ખેમટા, કહરવા અને દાદરા તાલની લગ્ગીનો ઉપયોગ કરવામાં આવે છે.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા ગીતપ્રકારોનો ટૂંકો પરિચય આપો :**

(1) ચતરંગ (2) ટપ્પા (3) હોરીગીત (4) કજરી

**2. વિકલ્પ શોધીને સાચા જવાબ સામે ✓ ટીક કરો :**

(1) ચતરંગ એટલે ગીતના કેટલા અંગ ?

(A) પાંચ (B) ચાર (C) ત્રણ (D) બે

(2) કયો ગીતપ્રકાર એ એક ઉપશાસ્ત્રીય સંગીતનો પ્રકાર છે ?

(A) ટપ્પા (B) ખ્યાલ (C) ધ્રુપદ (D) ધમાર

(3) કયા સંપ્રદાયના મંદિરોમાં ફાગણ માસમાં હોરીગીત ગવાય છે ?

(A) જૈન (B) મુસ્લિમ (C) વૈષ્ણવ (D) ખ્રિસ્તી

(4) મિર્જાપુર અને બનારસમાં કયો ગીતપ્રકાર ગાવાનો પ્રચાર વધુ જોવા મળે છે ?

(A) કજરી (B) ખ્યાલ (C) ધમાર (D) ધ્રુપદ

(5) લખનૌના નવાબ આશિક ઉદ્દૌલના દરબારમાં પંજાબી ગાયક શૌરીમિયાંએ કઈ ગાયનશૈલીનો આવિષ્કાર કર્યો ?

(A) ખ્યાલ (B) ટપ્પા (C) ધ્રુપદ (D) ધમાર

•

| 3 | રાગજ્ઞાન |
|---|---|

**પ્રસ્તાવના**

ધ્વનિની એવી વિશિષ્ટ રચના કે જેમાં સ્વર અને વર્ણને કારણે સૌંદર્ય હોય, જે મનુષ્યનાં ચિત્તનું રંજન કરે તેવી આરોહ–અવરોહ અને વાદી–સંવાદીવાળી મધુર સ્વરરચનાને 'રાગ' કહે છે. ઉત્તર હિન્દુસ્તાની સંગીત પદ્ધતિમાં કુલ 10 થાટ છે, જેમાંથી અનેક રાગો ઉત્પન્ન થાય છે. રાગમાં ઓછામાં ઓછા પાંચ અને વધુમાં વધુ સાત સ્વરો હોવા જોઈએ. વિવિધ રાગો મનુષ્યશરીરમાં રહેલા રોગોના ઉપચારમાં મદદરૂપ થાય છે. આ એકમમાં આપણે રાગની માહિતીમાં થાટ, વર્જિત સ્વર, રાગની જાતિ, વાદી-સંવાદી, ગાયનસમય, રાગની પ્રકૃતિ વગેરેની વિસ્તૃત માહિતી આરોહ–અવરોહ–પકડસહિત મેળવીશું.

## (1) રાગ : ભીમપલાસી

**રાગ - સ્વરૂપ ચિત્રાંકન**



**જબ કાફી કે મેલ મેં, ચઢતે રીધ કો ત્યાગ ।**

**ગ–નિ કોમલ સંવાદ'મ–સા', તે ભીમપલાસી રાગ ॥**

- **માહિતી :**

**રાગ** : ભીમપલાસી

**થાટ** : કાફી

**સ્વર** : ગ અને નિ કોમળ, બાકી બધા શુદ્ધ સ્વર છે.

**વર્જ્ય સ્વર** : રે અને ધ આરોહમાં

**રાગની જાતિ** : ઔડવ સંપૂર્ણ

**વાદી સ્વર** : મ (મધ્યમ)

**સંવાદી સ્વર** : સા (ષડ્જ)

**ગાવાનો સમય** : દિવસનો ત્રીજો પ્રહર/મધ્યાહ્ન

**રાગની પ્રકૃતિ** : શાંત અને ગંભીર

**રાગનો પ્રભાવ** : ઉત્સાહવર્ધક આનંદ દાયક છે.

**આરોહ** : નિ઼ સા ગ મ પ નિ સાં

**અવરોહ** : સાં નિ ધ પ મ ગ રે સા

**પકડ** : નિ઼ સા મ,મ પ ગ, મ ગ રે સા

- **વિસ્તૃત માહિતી :**
    - આ રાગને મળતો ધાની રાગ છે, પરંતુ ધાની રાગમાં 'ધૈવત' સ્વર વર્જિત છે.
    - ભીમપલાસી રાગમાં કોમળ નિષાદને બદલે શુદ્ધ નિષાદ લેવાથી 'પટદીપ' રાગ બને છે.
    - ભીમપલાસી રાગમાં કોમળ ગાંધારને બદલે શુદ્ધ ગંધાર લેવાથી 'ભીમ' રાગ બને છે.
    - આ શાંત પ્રકૃતિના રાગમાં મ-(મધ્યમ) સ્વરનું ખૂબ મહત્ત્વ છે.
    - આ રાગની નજીકનો રાગ 'ધનાશ્રી' પણ છે, પરંતુ રાગાંગની રીતે ભીમપલાસીથી તેનું અલગ સ્વરૂપ દેખાય છે.
    - કેટલાંક લોકો રાગ 'ભીમ' અને રાગ 'પલાસી' આ બંનેનું મિશ્રણ એટલે રાગ 'ભીમપલાસી' એવું માને છે.

## (2) રાગ : અડાણા

**રાગ - સ્વરૂપ ચિત્રાંકન**



**કોમલ ગ–ધ, દોઉની લગે, સા–પ સંવાદ બતાહિં ।**
**ચઢત ગ, ઉતરત ધ બરિજ, રાગ અડાણા માહિં ॥**

- **માહિતી :**

**રાગ** : અડાણા

**થાટ** : આસાવરી

**સ્વર** : ગ, ધ કોમળ અને બે નિષાદ

**વર્જ્ય સ્વર** : આરોહમાં 'ગ'

**રાગની જાતિ** : ષાડવ–સંપૂર્ણ

**વાદી સ્વર** : 'સાં' (તાર સપ્તકનો ષડજ)

**સંવાદી સ્વર** : પ (પંચમ)

**ગાવાનો સમય** : રાત્રિનો ત્રીજો પ્રહર

**રાગની પ્રકૃતિ** : વીર અને શૃંગારિક

**રાગનો પ્રભાવ :** ઉત્સાહવર્ધક, આનંદદાયક

**આરોહ** : સા રે મ પ, ધ સાં

**અવરોહ** : સાં ધ નિ પ મ પ, ગ મ રે સા

**પકડ** : સાં, ધ નિ સાં, ધ, પ મ પ, ગ મ રે સા

- **વિસ્તૃત માહિતી :**
  - અડાણા—રાગ પ્રાચીન છે.
  - આ રાગમાં ધ્રુપદ, ધમાર, ખ્યાલ ગાવામાં આવે છે.
  - આ રાગનું ચલણ મધ્ય સપ્તક અને તાર સપ્તકમાં રહે છે.
  - આ રાગની જાતિમાં મતભેદ જોવા મળે છે.
  - આ રાગ દરબારી—કાનડાના સમકક્ષ જેવો લાગે છે પણ તફાવત એટલો છે કે દરબારી—કાનડા મંદ્ર સપ્તકમાં સારો લાગે છે. જ્યારે અડાણા તાર સપ્તકમાં સારો લાગે છે.
  - આ રાગમાં બધા જ સ્વરો વક્રરૂપે લેવામાં આવે છે.

## (3) રાગ : જયજયવંતી

**રાગ - સ્વરૂપ ચિત્રાંકન**



**તીવર કોમલ રૂપ દોઉં, ગ–નિ કે દિયે લગાય ।**

**રિ–પ વાદી–સંવાદીસોં, જયજયવંતી કહાય ॥**

- **માહિતી :**

**રાગ** : જયજયવંતી

**થાટ** : ખમાજ

**સ્વર** : બે ગંધાર અને બે નિષાદ

**વર્જ્ય સ્વર** : નથી

**રાગની જાતિ** : સંપૂર્ણ–સંપૂર્ણ

**વાદી સ્વર** : 'રે' (રિષભ)

**સંવાદી સ્વર** : 'પ' (પંચમ)

**ગાવાનો સમય** : રાત્રિનો બીજો પ્રહર/મધ્યરાત્રિ

**રાગની પ્રકૃતિ** : શૃંગારિક

**રાગનો પ્રભાવ** : પક્ષઘાત તથા માથાના દુખાવામાં રાહત આપે છે.

**આરોહ** : સા, રે ગ મ પ, નિ સાં

**અવરોહ** : સાં નિ ધ પ, ધ મ ગ રે, રે ગ રે સા

**પકડ** : રે ગ મ ગ, રે ગ રે સા, નિ઼ સા ધ઼ નિ઼ રે

- **વિસ્તૃત માહિતી :**
  - આ રાગના થાટ માટે મતમતાંતર જોવા મળે છે અર્થાત્ કેટલાંક લોકો ખમાજ થાટ ગણે છે, જ્યારે કેટલાંક લોકો કાફી થાટ ગણે છે.
  - વડોદરાના રાજગાયક ઉસ્તાદ ફૈયાઝ ખાને બાગેશ્રી અંગમાં ગાવાનો રિવાજ કર્યો હતો.
  - ધ્રુપદ–ધમાર અને ખ્યાલ ગાયકો બાગેશ્રી અંગથી જયજયવંતી રાગની રજૂઆત કરે છે.
  - આ રાગ ખૂબ જ પ્રાચીન તથા લોકભોગ્ય છે.
  - આ રાગ પૂર્વાંગપ્રધાન રાગ હોવાથી બધા જ સપ્તકમાં રાગનો વિસ્તાર થઈ શકે છે.
  - આ રાગને બે અંગથી ગાવામાં આવે છે : (1) દેશ અંગ અને (2) બાગેશ્રી અંગ.
  - આ એક 'પરમેલ પ્રવેશક' રાગ છે. કેટલાંક લોકો આ રાગને 'જયંતી', 'જયાવંતી' પણ કહે છે.

## (4) રાગ : ગૌડસારંગ

**રાગ - સ્વરૂપ ચિત્રાંકન**



**દોઉં મધ્યમ લગિ રહે, કલ્યાન હિં કે અંગ ।**

**ગ–ધ વાદી–સંવાદી તેં, બનત ગૌડસારંગ ॥**

- **માહિતી :**

**રાગ** : ગૌડસારંગ

**થાટ** : કલ્યાણ

**સ્વર** : બે મધ્યમ

**વર્જ્ય સ્વર** : નથી

**રાગની જાતિ** : વક્રસંપૂર્ણ

**વાદી સ્વર** : 'ગ' (ગંધાર)

**સંવાદી સ્વર** : 'ધ' (ધૈવત)

**ગાવાનો સમય** : દિવસનો ત્રીજો પ્રહર/મધ્યાહ્ન

**રાગની પ્રકૃતિ** : શાંત–શૃંગારરસ

**રાગનો પ્રભાવ** : ઉત્સાહવર્ધક, આનંદદાયક છે

**આરોહ** : નિ઼ સા ગ રે, મ ગ, પ મ॑ ધ પ નિ ધ સાં

**અવરોહ** : સાં ધ નિ પ, ધ મ॑, પ ગ, મ રે, પ઼,રે સા

**પકડ** : સા, ગ રે, મ ગ, પ઼ રે સા

- **વિસ્તૃત માહિતી :**
  - તીવ્ર મધ્યમનો પ્રયોગ થતો  હોવાથી આ રાગ રાત્રિના પ્રથમ પ્રહરમાં ગાવો જોઈએ, પરંતુ આ રાગના નામ પાછળ સારંગ શબ્દ આવતો હોવાથી બપોરના સમયે ગાવાનો રિવાજ થયો હોવા છતાં આ રાગમાં સારંગનો એક અંશ પણ નથી.
  - આ રાગમાં તીવ્ર મધ્યમનું ખૂબ મહત્ત્વ છે તથા પૂર્ણ રીતે આ રાગ વક્ર સ્વરૂપે ગાવામાં આવે છે તેથી તેને વક્ર–સંપૂર્ણ જાતિનો રાગ કહેવાય છે.
  - આ રાગમાં ધ્રુપદ, ધમાર, ખ્યાલ ગવાય છે તથા આ ખૂબ જ લોકપ્રિય રાગ પણ છે.
  - આ રાગ કલ્યાણ પંચક રાગોમાંનો એક છે.
  - પ્રાચીન ગુણીજનોએ હમીર અને કેદાર રાગની જેમ આ રાગને બિલાવલ થાટનો માન્યો છે, હાલના સંગીતજ્ઞોએ આ રાગને કલ્યાણ થાટનો માન્યો છે.
  - આ રાગમાં પ,રે સા આ સ્વરની સંગતિ વારંવાર લેવાય છે.

## (5) રાગ : શંકરા

**રાગ - સ્વરૂપ ચિત્રાંકન**



**આરોહી રે–માબરજિ, અવરોહી મા ત્યાગ ।**
**ગ–નિ વાદી–સંવાદી સોં, કહત શંકરા રાગ ॥**

- **માહિતી :**

**રાગ** : **શંકરા**
**થાટ** : બિલાવલ
**સ્વર** : બધા જ શુદ્ધ સ્વર લાગે છે
**વર્જ્ય સ્વર** : આરોહમાં રે અને મ, અવરોહમાં મ
**રાગની જાતિ** : ઑડવ–ષાડવ
**વાદી સ્વર** : 'ગ' (ગાંધાર)
**સંવાદી સ્વર** : 'નિ' (નિષાદ)
**ગાવાનો સમય** : રાત્રિનો બીજો પ્રહર/મધ્યરાત્રિ
**રાગની પ્રકૃતિ** : વીર–શૃંગાર

**રાગનો પ્રભાવ :** ગુસ્સો શાંત કરવામાં મદદરૂપ થાય છે.

**આરોહ** : સાગપ, નિધસાં

**અવરોહ** : સાંનિપ, નિધસાં, નિપ, ગપ, ગ રેસા

**પકડ** : સાં, નિપ, નિધ, સાંનિપ, ગપ, ગ રેસા

- **વિસ્તૃત માહિતી :**
  - આ રાગમાં કેટલાય ગુણીજનો કુશળતાથી તીવ્ર મધ્યમનો પ્રયોગ સ્પર્શસ્વર રૂપે કરતા હોય છે.
  - આ રાગમાં આલાપ વિલંબિત લયમાં નહીં, પરંતુ ચંચળતાપૂર્વક કરવો જોઈએ.
  - ઈશ્વરભક્તિનાં ગીતો આ રાગમાં ખૂબ જ છે તથા આ રાગ પ્રાચીન છે.
  - આ રાગ ઉત્તરાંગપ્રધાન રાગ ગણાય છે.
  - આ રાગમાં ધૈવતનો પ્રયોગ અવરોહાત્મક રીતે થાય છે.
  - આ રાગમાં સા, ગ, પ અને નિ એ ન્યાસના સ્વરો ગણાય છે.
  - ઉત્તર હિન્દુસ્તાની સંગીતનો રાગ બિહાગ અને દક્ષિણ હિંદુસ્તાની સંગીતનો રાગ હંસધ્વનિ શંકરા રાગને મળતો આવે છે.
  - આ રાગના અવરોહમાં સાંનિધપ, ગપ ગરેસા, એવા સ્વરોનું ચલન રાગમાં કરવામાં આવે છે.

## (6) રાગ : જૌનપુરી

**રાગ - સ્વરૂપ ચિત્રાંકન**



**કોમલ ગ, ધ, ની સૂર કહે, આરોહી ગ હાનિ ।**

**વાદી ધ, સંવાદી ગ, જૌનપુરી પહચાનિ ॥**

- **માહિતી :**

| | |
|---|---|
| **રાગ** | : જૌનપુરી |
| **થાટ** | : આસાવરી |
| **સ્વર** | : **ગ, ધ** અને **નિ** કોમળ સ્વર |
| **વર્જિત સ્વર** | : 'ગ' આરોહમાં |
| **રાગની જાતિ** | : ષાડવ–સંપૂર્ણ |
| **વાદી સ્વર** | : **'ધ'** (કોમળ ધૈવત) |
| **સંવાદી સ્વર** | : **'ગ'** (કોમળ ગાંધાર) |
| **ગાવાનો સમય** | : દિવસનો બીજો પ્રહર |
| **રાગની પ્રકૃતિ** | : કરુણ અને ગંભીર |
| **રાગનો પ્રભાવ** | : કબજિયાત દૂર કરે છે |
| **આરોહ** | : સા રે મ પ ધ નિ, સાં |
| **અવરોહ** | : સાં નિ ધ પ, મ ગ રે સા |
| **પકડ** | : રેમપનિ ધપ, મપધમપ, ગ, રે, સારેમપ |

**વિસ્તૃત માહિતી :**

- જૌનપુરના સુલતાન હુસેન શર્કીએ આ રાગની રચના કરી હતી એવું કેટલાક વિદ્વાનોનું માનવું છે, તેથી આ રાગનું નામ જૌનપુરી આપવામાં આવ્યું.
- આ રાગ ઉત્તરાંગવાદી રાગ છે, તેથી તેમાં સ્વરોનું ચલન તાર સપ્તકમાં વધારે છે.
- જૌનપુરી અને આશાવરી બંને રાગો સમકક્ષ લાગતા હોવાથી રાગ ભ્રમ થતો હોય તેવો આભાસ થાય છે.
- કેટલાક ગુણીજનો જૌનપુરીનો વાદી સ્વર 'ષડ્જ' અને સંવાદી સ્વર 'પંચમ' માને છે.

**સ્વાધ્યાય**

**1. નીચે આપેલાં જોડકાં જોડો :**

| **રાગ** | **થાટ** |
|---|---|
| (1) ભીમપલાસી | (1) બિલાવલ |
| (2) અડાણા | (2) કલ્યાણ |
| (3) જયજયવંતી | (3) કાફી |
| (4) ગૌડસારંગ | (4) ખમાજ |
| (5) શંકરા | (5) આશાવરી |

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) રાગ .............નો વાદી સ્વર મધ્યમ અને સંવાદી સ્વર ષડ્જ છે.

(2) રાગ અડાણાનો ગાયન સમય ........... છે.

(3) ......... રાગની રાગ પ્રકૃતિ 'શૃંગારિક' છે.

(4) ............. રાગમાં બે મધ્યમ લેવાય છે.

(5) જૌનપુરી રાગની જાતિ ............. છે.

(6) ......... રાગનો રાગ પ્રભાવ ગુસ્સો શાંત કરવા થાય છે.

**3. સાચા જવાબ સામે ✔ ટીક કરો :**

(1) રાગ ભીમપલાસીના આરોહમાં કયા સ્વરો વર્જિત છે ?

(A) રે અને ધ (B) સા અને પ

(C) ગ અને ની (D) મ અને ની

(2) આશાવરી થાટમાંથી કયો રાગ ઉત્પન્ન થાય છે ?

(A) ભીમપલાસી (B) જયજયવંતી

(C) અડાણા (D) ગૌડસારંગ

(3) રાગ અડાણાની રાગજાતિ કઈ છે ?

(A) ઔડવ–સંપૂર્ણ (B) ષાડવ–સંપૂર્ણ

(C) સંપૂર્ણ–સંપૂર્ણ (D) ઔડવ–ઔડવ

(4) રાગ જયજયવંતીનો થાટ કયો છે ?

(A) કલ્યાણ (B) તોડી

(C) ભૈરવી (D) ખમાજ

(5) બે મધ્યમ કયા રાગમાં લેવાય છે ?

(A) ગૌડસારંગ (B) ભીમપલાસી

(C) અડાણા (D) શંકરા

•

# 4 તાલજ્ઞાન

**પ્રસ્તાવના**

આ એકમમાં અભ્યાસક્રમમાં આવતા તેવરા, એકતાલ, ધમાર તાલની ઠાયલય અને દુગુન લયની સમજ આપવામાં આવી છે. તેમ જ સુગમ સંગીતમાં ઉપયોગી તાલો જેવા કે દાદરા, કહરવા, ખેમટાને કેવી રીતે લિપિબદ્ધ કરવા તેની જાણકારી આપવામાં આવી છે.

---

**તાલજ્ઞાન**

**(અ)** અભ્યાસક્રમના તાલોની સંપૂર્ણ માહિતી આપી દુગુનમાં લખવાની ક્ષમતા.

(1) તેવરા (2) એકતાલ અને (3) ધમાર

**(1) તેવરા :**

**(1) તાલ :** તેવરા

**(2) માત્રા :** 7 (સાત)

**(3) તાલી :** 1, 4 અને 6 માત્રા ઉપર

**(4) ખાલી :** નથી

**(5) ખંડ :** 3 (દરેક 3 + 2 + 2 માત્રાના)

**(6) વાદ્ય :** પખાવજ (ખુલ્લા બાજનો તાલ છે)

**(7) જાતિ :** મિશ્ર

**(8) ઉપયોગિતા :** ધ્રુપદ તથા હવેલી સંગીત માટે ઉપયોગી તાલ.

- **તાલલિપિબદ્ધ :** (મૂળ લય/ઠાયલય)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **માત્રા :** | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
| **બોલ :** | ધા | દિં | તા | કિટ | તક | ગદિ | ગન | ધા |
| **ચિહ્‌ન :** | X | | | 2 | | 3 | | X |

- **દુગુન :**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **માત્રા :** | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
| **બોલ :** | ધાદિં | તાકિટ | તકગદિ | ગન ધા | દિંતા | કિટતક | ગદિગન | ધા |
| **ચિહ્‌ન :** | X | | | 2 | | 3 | | X |

**(2) એકતાલ :**

**(1) તાલ :** એકતાલ

**(2) માત્રા :** 12 (બાર)

**(3) તાલી :** 1, 5, 9 અને 11 માત્રા ઉપર

**(4) ખાલી :** 3 અને 7 માત્રા ઉપર

**(5) ખંડ :** 6 (દરેક 2 + 2 + 2 + 2 + 2 + 2 માત્રાના)

**(6) વાદ્ય :** તબલા (બંધ બાજનો તાલ છે.)

**(7) જાતિ :** ચતુસ્ર

**(8) ઉપયોગિતા :** 'ખ્યાલ' ગાયનશૈલીમાં ખૂબ ઉપયોગી તાલ.

- **તાલલિપિબદ્ધ :** (મૂળ લય/ઠાયલય)

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **માત્રા :** | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
| **બોલ :** | ધીં | ધીં | ધાગે | તિરકીટ | તૂં | ના | ક | ત્તા | ધાગે | તિરકીટ | ધીં | ના | ધીં |
| **ચિહ્ન :** | X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

- **દુગુન :**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **માત્રા :** | 1 | 2 | 3 | 4 | 5 | 6 | |
| **બોલ :** | ધીંધીં | ધાગે તિરકીટ | તૂંના | કત્તા | ધાગે તિરકીટ | ધીંના | |
| **ચિહ્ન :** | X | | 0 | | 2 | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **માત્રા :** | 7 | 8 | 9 | 10 | 11 | 12 | |
| **બોલ :** | ધીંધીં | ધાગે તિરકીટ | તૂંના | કત્તા | ધાગે તિરકીટ | ધીંના | ધીં |
| **ચિહ્ન :** | 0 | | 3 | | 4 | | X |

**(3) તાલ : ધમાર**

**(1) તાલ :** ધમાર

**(2) માત્રા :** 14 (ચૌદ)

**(3) તાલી :** 1, 6 અને 11 માત્રા ઉપર

**(4) ખાલી :** 8 માત્રા ઉપર

**(5) ખંડ :** 4 (દરેક 5 + 2 + 3 + 4 માત્રાના)

**(6) વાદ્ય :** પખાવજ (ખુલ્લા બાજનો તાલ છે)

**(7) જાતિ :** મિશ્ર

**(8) ઉપયોગિતા :** ધમાર તથા હવેલી સંગીત માટે ઉપયોગી તાલ.

- **તાલલિપિબદ્ધ :** (મૂળ લય/ઠાયલય)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **માત્રા :** | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 1 |
| **બોલ :** | ક | ધિ | ટ | ધિ | ટ | ધા | – | ગ | તિ | ટ | તિ | ટ | તા | – | ક |
| **ચિહ્ન :** | X | | | | | 2 | | 0 | | | 3 | | | | X |

- **દુગુન :**

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **માત્રા :** | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 1 |
| **બોલ :** | કધિ | ટધિ | ટધા | –ગ | તિટ | તિટ | તા– | કધિ | ટધિ | ટધા | –ગ | તિટ | તિટ | તા– | ક |
| **ચિહ્ન :** | X | | | | | 2 | | 0 | | | 3 | | | | X |

**(બ) સુગમ સંગીતના તાલ :**

(1) દાદરા (2) કહરવા અને (3) ખેમટા લિપિબદ્ધ કરવાની ક્ષમતા.

**(1) દાદરા**

**(1) તાલ :** દાદરા

**(2) માત્રા :** 6 (છ)

**(3) તાલી :** 1 માત્રા ઉપર

**(4) ખાલી :** 4 માત્રા ઉપર

**(5) ખંડ :** 2 (દરેક 3 + 3 માત્રાના)

**(6) વાદ્ય :** તબલા (બંધ બાજનો તાલ છે)

**(7) જાતિ :** તિસ્ત્ર

**(8) ઉપયોગિતા :** ઉપશાસ્ત્રીય, ફિલ્મ અને સુગમ સંગીત માટે ઉપયોગી તાલ.

- **તાલલિપિબદ્ધ :** (મૂળ લય/ઠાયલય)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **માત્રા :** | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| **બોલ :** | ધા | ધીં | ના | ધા | તીં | ના | ધા |
| **ચિહ્ન :** | X | | | 0 | | | X |

**(2) કહરવા :**

**(1) તાલ :** કહરવા

**(2) માત્રા :** 8 (આઠ)

**(3) તાલી :** 1 માત્રા ઉપર

**(4) ખાલી :** 5 માત્રા ઉપર

**(5) ખંડ :** 2 (દરેક 4 + 4 માત્રાના)

**(6) વાદ્ય :** તબલા (બંધ બાજનો તાલ છે)

**(7) જાતિ :** ચતુસ્ર

**(8) ઉપયોગિતા :** ઉપશાસ્ત્રીય, ફિલ્મ અને સુગમ સંગીત માટે ઉપયોગી તાલ.

- **તાલલિપિબદ્ધ :** (મૂળ લય/ઠાયલય)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **માત્રા :** | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
| **બોલ :** | ધા | ગે | ન | તી | ન | ક | ધી | ન | ધા |
| **ચિહ્ન :** | X | | | | 0 | | | | X |

**(3) ખેમટા :**

**(1) તાલ :** ખેમટા

**(2) માત્રા :** 6 (છ)

**(3) તાલી :** 1 માત્રા ઉપર

**(4) ખાલી :** 4 માત્રા ઉપર

(5) **ખંડ :** 2 (દરેક 3 + 3 માત્રાના)

(6) **વાદ્ય :** તબલા (બંધ બાજનો તાલ છે)

(7) **જાતિ :** તિસ્ત્ર

(8) **ઉપયોગિતા :** ઉપશાસ્ત્રીય, ફિલ્મ, સુગમ સંગીત અને લોકસંગીત માટે ઉપયોગી તાલ.

- **તાલલિપિબદ્ધ :** (મૂળ લય/ઠાયલય)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **માત્રા :** | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| **બોલ :** | ધાગે | ધીંના | ગીંના | તાકે | તીંના | કીંના | ધા |
| **ચિહ્ન :** | X | | | 0 | | | X |

**સ્વાધ્યાય**

**1. એક વાક્યમાં જવાબ આપો :**

(1) તાલ તેવરાની માત્રા કેટલી છે ?

(2) તાલ એકતાલમાં કેટલી તાલી આવે છે ?

(3) તાલ એકતાલમાં કઈ માત્રા પર ખાલી આવે છે ?

(4) તાલ દાદરા કયા ગીતપ્રકારમાં ઉપયોગમાં આવે છે ?

(5) તાલ ધમારની કેટલી માત્રા છે ?

**2. બે વાક્યમાં જવાબ લખો :**

(1) સુગમ સંગીતમાં કયા તાલનો ઉપયોગ થાય છે ?

(2) લોકસંગીતમાં વધુ પ્રમાણમાં કયો તાલ વાગતો જોવા મળે છે ?

**3. સાચા જવાબ સામે ✔ ટીક કરો :**

(1) સાત માત્રાવાળો તાલ કયો છે ?

(A) એકતાલ (B) કહરવા (C) તેવરા (D) દાદરા

(2) કયા તાલમાં બાર માત્રા આવે છે ?

(A) દાદરા (B) ધમાર (C) એકતાલ (D) ત્રિતાલ

(3) ખેમટા તાલની માત્રા કેટલી છે ?

(A) સાત (B) બાર (C) છ (D) ચાર

•

| 5 | તાન, થાટ અને નાદ-પરિચય |
|---|---|

**પ્રસ્તાવના**

આ એકમમાં વિદ્યાર્થી નાદ અને તેના પ્રકાર જાણી વ્યવહારિક જીવનમાં સંભળાતા અવાજોની તુલના કરી શકશે. નાદ અને તેના પ્રકારમાં વિભાજિત કરી શકે તેવા સ્વરોની સમજ કેળવી પાંચ વિકૃત અને સાત શુદ્ધ સ્વરો દ્વારા બનતા દસ થાટ અને તેમાં આવતા રાગોની જાણકારી મેળવશે. એક રાગમાં કેટલા પ્રકારની તાનો લઈ શકે, તે માટે તાન અને તેના પ્રકારની નોંધમાં તાનના પ્રકાર ઉદાહરણ સહિત દર્શાવ્યા છે. વિદ્યાર્થીઓ કોઈ પણ રાગમાં જે તે પ્રકારની તાન બનાવતા શીખે અને તેનો ઉપયોગ ગાતી વખતે જે તે રાગમાં કરી શકે તેની સમજ અહીં આપવામાં આવી છે.

## તાન અને તેના પ્રકાર

'તાન' શબ્દ સંસ્કૃતના 'તન્' ધાતુમાંથી ઉત્પન્ન થયો છે. આલાપની જેમ તાનને 'આ'કારમાં ગવાય છે. રાગના ગાયનમાં પહેલાં આલાપ, બોલઆલાપ, બોલતાન અને છેલ્લે તાનનો ઉપયોગ થાય છે. રાગનિયમ, વાદીસ્વર, સંવાદીસ્વર, સ્વરલગાવ વગેરેનો ઉપયોગ કરી રાગના આલાપ કરાય છે, જેમાં રાગની બઢત થાય છે જેથી જે તે રાગનું વાતાવરણ બને છે.

ઉપર્યુક્ત ક્રમાનુસાર રાગની પ્રસ્તુત કરાય છે, એ જોતાં કહી શકાય કે અંતભાગમાં તાનની પ્રસ્તુતિ થાય છે. તાન લેતી વખતે ગળાની તૈયારી હોવી જરૂરી છે. જે ગાયકોની તાન તૈયાર હોય છે, તેને 'તનઈત' કહે છે. તાનના માધ્યમથી ગાયન વૈવિધ્યપૂર્ણ અને રંગતદાર થઈ શકે છે. એક સ્વરસમૂહની તાન અલગઅલગ સ્વરોના ન્યાસ આપવાથી અલગઅલગ સાંભળી શકાય છે. આલાપ વિલંબિત લયમાં તથા તાન દ્રુતલયમાં ગાઈ શકાય છે. એક માત્રામાં 2, 3, 4, 8 સ્વરો લઈ તાનક્રિયામાં લયકારી કરી શકાય છે. તાનના અનેક પ્રકારમાંથી કેટલાંક પ્રચલિત તાનોના પ્રકારો નીચે મુજબ છે :

**શુદ્ધ તાન :** આ તાનમાં આરોહી–અવરોહી સ્વરોનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે –

સા રે ગ મ પ ધ નિ સાં સાં નિ ધ પ મ ગ રે સા, **અથવા** રે ગ મ પ ધ નિ સાં રેં, રેં સાં નિ ધ પ મ ગ રે વગેરે.

**કૂટ તાન :** કૂટતાનમાં સ્વરોનો વિશિષ્ટ ક્રમ નથી. મંદ્ર, મધ્ય, તાર સપ્તકમાં સ્વરોના સમૂહ આ તાનમાં જોવા મળે છે. દ્રુતલયમાં આ તાનો કલાત્મકતા પ્રસ્તુત કરે છે. કૂટતાન ગાવા માટે કલ્પનાશક્તિ અને સ્વરો પરનું પ્રભુત્વ ખૂબ જરૂરી છે. ઉદાહરણ તરીકે –

યમન રાગમાં – ગ મ॑ ગ પ મ॑ પ ગ મ॑ રે ગ રે પ; મ॑ ગ રે પ

**મિશ્ર તાન :** આરોહી–અવરોહી સ્વરોનો એક જ તાનમાં મિશ્રિત સ્વરપ્રયોગથી મિશ્રતાન બને છે.

ઉદાહરણ : ગપધસાં, ધપગધ, પપગરેસા

**સપાટ તાન :** સરલ અથવા શુદ્ધતાનનો જ આ એક પ્રકાર છે, પરંતુ આ તાનમાં ત્રણે સપ્તકમાં સ્વરપ્રયોગ થાય છે.

ઉદાહરણ : મ઼ પ઼ ધ઼ નિ઼ સા રે ગ મ પ ધ નિ સાં રેં ગં મં પં મં ગં રેં સાં નિ ધ પ મ ગ રે સા

**વક્ર તાન :** આ તાન કૂટ તાનનો એક પ્રકાર છે. આ તાનમાં વક્ર સ્વરોનો સ્વરપ્રયોગ થાય છે, તેથી તેને વક્ર તાન કહે છે.

ઉદાહરણ : રાગ-ગૌડસારંગ

ની઼ સા ગ રે મ ગ પ મ॑ધ પ નિ ધ સાં નિ રેં સાં ધ પ મ ગ રે ગ રે મ ગ પ રે સા

**ખટકાની તાન :** આ તાન બે પ્રકારે ગવાય છે. પહેલા પ્રકારમાં સ્વરોના નાના–નાના સમૂહ બનાવી ગવાય છે.

ઉદાહરણ : રેસાનિ઼સા, રેસાનિ઼સા, ધધપમ, ધધપમ, ગમધધ પમ,

બીજા પ્રકારમાં જે તાનમાં ખટકા એટલે કે ગમકનો ઉપયોગ થાય છે તેને 'ખટકાની તાન' કહે છે. આ પ્રકારની તાનનો પ્રયોગ વિશેષ ટપ્પાશૈલીના ગાયનમાં થાય છે. ઉદાહરણ તરીકે – રાગ કાફીમાં ખટકાની તાન

ધનિરેંરેંસાંનિ, પધનિનિધપ, મપધધધપમ, ગમપપમગ, રેગમમગરેસા

**અલંકારિક તાન :** મૂળ સ્વર અલંકાર ઉપર આધારિત તાનને અલંકારિક તાન કહે છે. ઉદાહરણ – રાગ-ભીમપલાસી

નિ઼સાગમ, સાગમપ, ગમપનિ, મપનિસાં

**લડંત તાન :** સીધી અને આડલયને મેળવી સ્વરોને પરસ્પર વિરોધી પદ્ધતિમાં લઈ જે તાન તૈયાર થાય છે તેને લડંતની તાન કહેવાય છે.

ઉદાહરણ : ગંરેંગંરેં, સાંસાંસાંસાં, નિધ નિધ, પપપપ

**રાગાંગની તાન :** રાગના મુખ્ય સ્વરસમૂહો લઈ આ તાન ગવાય છે તેને રાગાંગની તાન કહે છે. જેમાં રાગનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે. ઉદાહરણ તરીકે – જયજયવંતી રાગમાં

નિસાધનિરે, રેગમગરેગરેસા, નિસાધનિરે, ધપમગરેગરેસાનિસા, ધનિરે, ધનિરે, ધનિરે સા.

## પંડિત ભાતખંડેજીના દસ થાટનું વિવેચન

સંગીતના આધારભૂત સાત શુદ્ધ સ્વરો, ચાર કોમળ સ્વરો અને એક તીવ્ર સ્વર મળી કુલ બાર સ્વરો થઈને દસ રચનાઓ થાય છે, જેને ભાતખંડે પદ્ધતિના દસ થાટ કહે છે. સંગીત ઉપયોગી અવાજમાંથી 'સા રે ગ મ પ ધ ની'ના જે સમૂહ તૈયાર થાય છે તેને સંસ્કૃતમાં 'મેલ' કહે છે. પંડિત વ્યંકટમુખીએ ગણિત આધાર પર 72 મેલને સાબિત કર્યા હતા. ઉત્તર હિંદુસ્તાની સંગીતમાં 'મેલ'ને જ 'થાટ' કહે છે અને એ જ થાટમાંથી રાગ ઉત્પન્ન થાય છે. પં. ભાતખંડેજીએ દસ થાટોની સરળ પદ્ધતિ પ્રસિદ્ધ કરી હતી.

પંડિત ભાતખંડેજીના થાટ માટેના અગત્યના મુદ્દાઓ નીચે મુજબ છે :

- થાટ સાત સ્વરોનો સંપૂર્ણ હોવો જરૂરી છે.
- થાટ માટે આરોહ–અવરોહની જરૂર નથી, પરંતુ થાટના સ્વર 'સા રે ગ મ પ ધ નિ'ના ક્રમમાં હોવા જરૂરી છે.
- થાટને માધુર્ય, રંજકતા, વાદી, સંવાદી, વર્જ્ય સ્વર વગેરેની જરૂર નથી.
- થાટ ગાવાની કોઈ પ્રથા નથી.

દસ થાટના નામથી ઉત્પન્ન થયેલા રાગને જે તે થાટનું નામ આપવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે કાફી થાટમાંથી રાગ–કાફી એ મૂળ રાગ એટલે કે 'જનકરાગ' ઉત્પન્ન થાય છે. એ થાટમાંથી ઉત્પન્ન થતા અન્ય રાગોને 'જન્યરાગ' કહે છે.

હિંદુસ્તાની સંગીત પદ્ધતિના દસ થાટમાં બધાં રાગોનું વર્ગીકરણ કરવાથી આ થાટ વર્ગીકરણ પદ્ધતિ સર્વમાન્ય થઈ.

**(1) બિલાવલ :** બધાં જ શુદ્ધ સ્વરો – સા રે ગ મ પ ધ નિ સાં

**બિલાવલ થાટના રાગો :** બિલાવલ, અલ્હૈયા બિલાવલ, દેવગિરિ બિલાવલ, શુક્લ બિલાવલ, નટ બિલાવલ, કુકુંભ બિલાવલ, મલૂહા કેદાર, પહાડી, દેશકાર, માંડ, બિહાગ, શંકરા, દુર્ગા, હંસધ્વનિ, હેમકલ્યાણ, સરપરદા.

**(2) ખમાજ :** એક કોમળ સ્વર (નિ) બીજા બધાં શુદ્ધ સ્વરો સા રે ગ મ પ ધ નિ સાં

ખમાજ થાટના રાગો – દેશ, સોરઠ, તિલકકામોદ, ખંભાવતી, રાગેશ્રી, ઝિંઝોટી, નારાયણી, ગોરખ, જયજયવંતી (દેશ અંગ), ગૌડ મલ્હાર.

**(3) કલ્યાણ :** એક તીવ્ર સ્વર (મં) બીજા બધાં શુદ્ધ સ્વરો સા રે ગમં પ ધ નિ સાં

કલ્યાણ થાટના રાગો – કલ્યાણ, યમનકલ્યાણ, શુદ્ધ કલ્યાણ, ભૂપાલી, હમીર, કેદાર, કામોદ, છાયાનટ, શ્યામકલ્યાણ, હિંડોલ, ગૌડસારંગ, માલશ્રી, યમની, ચંદ્રકાન્ત.

**(4) કાફી :** બે કોમળ સ્વરો (ગ, નિ) બીજા બધાં શુદ્ધ સ્વરો સા રે ગ મ પ ધ નિ સાં

કાફી થાટના રાગો – કાફી, ભીમપલાસી, બાગેશ્રી, સિંધુરા, ધાની, પટદીપ, હંસકિંકણી, શહાના, નાયકી, સુહાસુધરાઈ, પીલુ, દેવસાખ, બહાર, શુદ્ધ સારંગ, મધમાદ સારંગ, બડહંસ સારંગ, સામંત સારંગ, મિયાં કી સારંગ, લંકાદહન સારંગ, બ્રિન્દાવની સારંગ, મેઘમલ્હાર, સૂરમલ્હાર, શુદ્ધમલ્હાર, મિયાં કી મલ્હાર, મીરાં મલ્હાર, નટ મલ્હાર.

**(5) ભૈરવ :** બે કોમળ સ્વરો (રે, ધ) બીજા બધા શુદ્ધ સ્વરો સા રે ગ મ પ ધ નિ સાં

ભૈરવ થાટના રાગો - ભૈરવ, રામકલી, ગુણકલી, જોગિયા, બિભાસ, પ્રભાત, શિવમતભૈરવ, અહિરભૈરવ, આનંદભૈરવ, કાલિંગડા.

**(6) મારવા :** એક કોમળ સ્વર (રે), એક તીવ્ર સ્વર (મં) બીજા બધાં શુદ્ધ સ્વરો સા રે ગ મં પ ધ ની સાં

મારવા થાટના રાગો – મારવા, પૂરિયા, સાંજગિરિ, લલિત, પંચમ, ભટિયાર, બિભાસ, ભંખાર, સોહની.

**(7) આશાવરી :** ત્રણ કોમળ સ્વરો (ગ ધ નિ) બીજા બધાં શુદ્ધસ્વરો સા રે ગ મ પ ધ નિ સાં

આશાવરી થાટના રાગો – આશાવરી, જૌનપુરી, ગાંધારી, દેવગંધાર, કૌંસી, ખટ, દેશી, અડાણા, દરબારી

**(8) પૂર્વી :** બે કોમળ સ્વરો (રે, ધ), એક તીવ્ર સ્વર (મં), બીજા બધા શુદ્ધ સ્વરો સા રે ગ મં પ ધ નિ સાં

પૂર્વી થાટના રાગો–પૂર્વી, પૂરિયાધનાશ્રી, શ્રી, વસંત, પરજ, જૈતાશ્રી, ત્રિવેણી, રેવા, ગૌરી, ચૈતીગૌરી, માલવી, ટંકશ્રી.

**(9) ભૈરવી :** ચાર કોમળ સ્વરો (રે ગ ધ નિ), બીજા બધા શુદ્ધ સ્વરો સા રે ગ મ પ ધ નિ સાં

ભૈરવી થાટના રાગો – ભૈરવી, માલકૌંસ, ભૂપાલ તોડી, બિલાસખાંની તોડી, સિંધ ભૈરવી, કોમળ રિષભ આશાવરી

**(10) તોડી :** ત્રણ કોમળસ્વરો (રે ગ ધ), એક તીવ્ર સ્વર (મં)

એક તીવ્ર સ્વરમાં બીજા બધા શુદ્ધ સ્વરો સા રે ગ મં પ ધ નિ સાં

તોડી થાટના રાગો – મિયાં કી તોડી, ગુર્જરી તોડી, લાચારી તોડી, બહાદુરી તોડી, મુલતાની.

## નાદ અને તેના પ્રકાર

સંગીતનો સંબંધ નાદ સાથે છે. તેની ઉત્પત્તિ વિશ્વની સાથોસાથ થઈ છે. માનવીએ પણ નિર્જીવ સાથે સજીવ વસ્તુના નાદને અપનાવ્યા, એટલું જ નહિ પણ જીવનના દરેક ક્ષેત્રમાં તેનો સ્વીકાર કર્યો.

સંગીતના સૌંદર્યનો આધાર સ્વર છે. જ્યારે સ્વરનું મૂળ નાદ અથવા ધ્વનિ છે. આમ, સંગીતનો આધાર નાદ ઉપર છે. નાદના મુખ્ય બે પ્રકાર છે :

(1) આહત નાદ (2) અનાહત નાદ

**(1) આહત નાદ :** કોઈ પણ વસ્તુને આઘાત કરવાથી તે કંપિત થઈને ધ્વનિ ઉત્પન્ન કરે છે. આ ધ્વનિને 'આહત' નાદ કહે છે. અલબત્ત, આ નાદ ત્યારે જ સાંભળી શકાય છે જ્યારે તેની આંદોલન સંખ્યા દર સેકન્ડે 16થી વધુ અને 38000થી ઓછી હોય. સંગીતમય સ્વર માટે ઓછામાં ઓછી 40 અને વધુમાં વધુ 4000 આંદોલન સંખ્યા જરૂરી છે.

**(2) અનાહત નાદ :** આઘાત વગર ઉત્પન્ન થતા ધ્વનિને 'અનાહત' નાદ કહે છે. અનાહત નાદની સાધના અત્યંત કઠિન છે અને તે યોગવિદ્યા દ્વારા પ્રાપ્ત થાય છે.

**સંગીત ઉપયોગી મધુર નાદ :**

કોઈ પણ ઉત્પન્ન થતા ધ્વનિની આંદોલન સંખ્યા નિયમિત હોય છે ત્યારે તેને 'મધુર નાદ' કહે છે. આ મધુર નાદનો ઉપયોગ સંગીતમાં થતો હોવાથી સંગીતોપયોગી નાદ કહે છે. દા.ત. તાનપુરા કે સિતારના તારને છેડવાથી નિયમિત આંદોલન સંખ્યા ધરાવતો મધુર ધ્વનિ ઉત્પન્ન થાય છે.

**સંગીત નિરુપયોગી નાદ :**

ઉત્પન્ન થતા ધ્વનિની આંદોલન સંખ્યા જો અનિયમિત હોય તો તે નાદને 'સંગીત નિરુપયોગી નાદ' (ઘોંઘાટ) કહે છે. દા.ત. હથોડી કે પથ્થરને દીવાલ સાથે આઘાત થવાથી થતો અવાજ.

આ બંને વસ્તુના ઘર્ષણથી આંદોલનો તો ઉત્પન્ન થાય છે, પરંતુ તે આંદોલન સંખ્યા દર સેકન્ડે એકસરખી ન રહેવાથી તેમાંથી ઉત્પન્ન થતો અવાજ સંગીત માટે ઉપયોગી નથી. આવી જ રીતે ગળામાંથી પણ બૂમબરાડા કે ચીસો પાડતી વખતે અનિયમિત આંદોલનો ઉત્પન્ન થાય છે તેને 'ઘોંઘાટ' કહે છે, જે કાનને કર્કશ અને અપ્રિય લાગે છે.

**સ્વાધ્યાય**

**1. ટૂંકમાં જવાબ આપો :**

(1) વક્ર તાનની વ્યાખ્યા ઉદાહરણ આપી સમજાવો.

(2) ખટકાની તાનના બે પ્રકાર સમજાવો.

(3) રાગાંગની તાન વ્યાખ્યા સહિત સમજાવો.

(4) પંડિત ભાતખંડેજીના થાટ માટેના મુખ્ય મુદ્દાઓ લખો.

(5) જનકરાગ અને જન્યરાગની વ્યાખ્યા લખો.

(6) દસ થાટના નામો લખો.

(7) 'આહત' નાદની વ્યાખ્યા લખો.

(8) સંગીત ઉપયોગી મધુર નાદ એટલે શું ?

**2. સાચા જવાબ સામે ✔ ટીક કરો :**

(1) જે તાનમાં આરોહી–અવરોહી સ્વરોનો ઉપયોગ થાય તેને કઈ તાન કહે છે ?

(A) કૂટ તાન (B) રાગાંગ તાન (C) વક્ર તાન (D) શુદ્ધ તાન

(2) ટપ્પાશૈલી ગાયનમાં કઈ તાનનો ઉપયોગ થાય છે ?

(A) સપાટ તાન (B) ખટકાની તાન (C) અલંકારિક તાન (D) લડંત તાન

(3) એક તીવ્ર સ્વર (મ॑) આવતો હોય તો થાટનું નામ શું છે ?

(A) બિલાવલ (B) ખમાજ (C) કલ્યાણ (D) કાફી

(4) એક કોમળ સ્વર (રે॒) અને એક તીવ્ર સ્વર (મ॑) આવતો હોય તે થાટનું નામ શું છે ?

(A) ભૈરવ (B) ખમાજ (C) આશાવરી (D) મારવા

(5) ભૈરવી થાટમાં આવતો રાગ કયો છે ?

(A) માલકૌંસ (B) મિયાં કી તોડી (C) પૂરિયા ધનાશ્રી (D) અડાણા

•

# 6 જીવનચરિત્ર

**પ્રસ્તાવના**

ભારતીય સંગીતના ઇતિહાસમાં અનેક કલાકારોએ પોતાની કલાનું યોગદાન આપીને સંગીતવારસાને સમૃદ્ધ કર્યો છે. આ વિદ્યાની સાધનાથી અનેક કલાકારોએ ઉચ્ચસ્થાન પ્રાપ્ત કર્યું છે. સંગીતકલા એ સામાન્ય કલા નથી પરંતુ ઈશ્વરને પામવાની અને સંસ્કારોનું સિંચન કરવાની ઉત્તમ કલા છે, એ આ એકમમાં જોવા મળે છે.

વિદ્યાર્થીઓ આ એકમના અભ્યાસથી ભારતના મહાન સંગીતસાધકોનું જીવનચરિત્ર વાંચીને પ્રેરણા મેળવશે અને ભવિષ્યમાં તેમને સારા અને ઉત્તમ કલાકાર બનવાની પ્રેરણા મળશે.

આ એકમમાં સ્વામી હરિદાસ, તાનસેન, બૈજુ બાવરા અને પંડિત રવિશંકર જેવા મહાન સંગીતસાધકોના જીવન વિશે સંક્ષિપ્ત માહિતી છે.

## (1) સ્વામી હરિદાસ

**જન્મ :** સંવત 1537 **મૃત્યુ :** સંવત 1632

શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત, મહાન વિરક્ત સંગીતજ્ઞ, સંતકવિ અને ભક્તિસંગીતની ગંગા વહેવડાવનાર રસિકશિરોમણિ એવા મહાન સંગીતાચાર્ય સ્વામી હરિદાસનો જન્મ વૃંદાવનથી થોડેક દૂર આવેલા રાજપુર ગામે સંવત 1537 ભાદ્ર સુદ 8ના રોજ થયો હતો. પિતાનું નામ આસૂધીર અને માતાનું નામ ગંગાદેવી. તેઓ સનાઢ્ય બ્રાહ્મણ હતા.




વૃંદાવન અને રાજપુરની આસપાસનાં વન–ઉપવન એ બાળ હરિદાસની વિહારભૂમિ બની ગયા. આમ, પ્રકૃતિનાં પુણ્યતત્ત્વો દ્વારા હરિદાસનું જીવનઘડતર થતું ગયું.

પિતા પણ સંગીતપ્રેમી, શાસ્ત્રોના જ્ઞાતા અને ધર્માનુરાગી હતા. હરિદાસને એમનો પણ અનન્ય લાભ મળતો ગયો. દીક્ષાગુરુના સંસ્કારો પણ ઝીલતા ગયા. પચીસ વર્ષની વયે એમણે ઘર છોડ્યું. રાજપુરથી એક માઇલને અંતરે પોતાના ગુરુસ્થાનમાં જ એમણે નિવાસ કર્યો. અહીં એમને નિકુંજેશ્વરી રાધિકાના રસખેલનનો રસાનુભવ થવા લાગ્યો. નિધિવનમાં એક નિશ્ચિત સ્થાનકે બેસીને સ્વામીજી અનોખું રસદર્શન અનુભવતા. આ સ્થળે સ્વામી હરિદાસે એક પ્રતિમાનું સ્થાપન કર્યું અને એ પ્રતિમાનું નામાભિધાન કર્યું 'બાંકેબિહારી.' પાછળથી એને 'વિહારપંચમી'નું નામ અપાયું.

સમય જતાં સ્વામીજી ભક્તિસંગીતની મહાન વિદ્યાપીઠ જેવા બની ગયા. દેશના વિવિધ ભાગોમાંથી શિષ્યો આવવા લાગ્યા. સેવા, ભક્તિ અને સંગીતનો ત્યાં અજબ મેળો જામવા લાગ્યો.

સંગીતસાધના દ્વારા સ્વામીજીની વિશેષ કૃપા ઝીલનાર શિષ્યોમાં બૈજુ બાવરા, મદનરાય, રામદાસ, દિવાકર પંડિત, સોમનાથ પંડિત, તાનસેન, રાજા શૌરસેન વગેરેનો સમાવેશ થાય છે.

ભગવદ્‌ભક્તિને માર્ગે જીવનને ધન્ય કરનાર શિષ્યોમાં વિઠ્ઠલ વિપુલ, દયાળદાસ, મનોહરદાસ, ગોવિંદદાસ, પ્રકાશદાસ વગેરેના નામો ગણાવી શકાય.

સ્વામીજીની પદરચનાઓ ભક્તિસભર છે. એ કવિતામાં રસમૂર્તિ રાધિકા અને સુંદરશ્યામના નિત્યવિહારના રસદર્શન છે. એમણે ધ્રુપદ રચ્યા છે. એમાં 18 સિદ્ધાંતના ધ્રુપદો અને 110 'કેલિમાલ'ને નામે જાણીતા છે. સિદ્ધાંતના ધ્રુપદો જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિસભર છે. 'કેલિમાલ'ના ધ્રુપદોમાં એમના આરાધ્ય શ્રી શ્યામાશ્યામની નિત્યની શૃંગારલીલાનું વર્ણન છે.

સંગીત ક્ષેત્રે સ્વામીજીનાં બે સ્વરૂપ પ્રકાશિત છે– એક છે રસસિદ્ધ ધ્રુપદ ગાયક તરીકેનું અને બીજું છે સિદ્ધ વીણાવાદક તરીકેનું. એ અદ્વિતીય ભક્તકવિ હતા. એમણે રાગોને અનુરૂપ પદોની રચના કરી એને સુંદર ને સુમધુર રૂપ આપ્યું છે. સ્વામીજીની ઉપાસના ગોપીભાવની હતી. રાસેશ્વરી રાધિકાની સખી લલિતા તરીકે એ પ્રસિદ્ધ છે. ભક્ત નાભાજી સ્વામીજીને 'ગાનકલાગંધર્વ' કહેતા હતા. એમણે વીણાવાદન શૈલીમાં પરિવર્તન કર્યું હતું.

સ્વામીજીના ધ્રુપદોમાં ગાયન, વાદન અને નૃત્ય સાથે સંબંધ ધરાવતા અનેક પારિભાષિક શબ્દો, વાદ્યોનાં નામો તથા તેના બોલ, નૃત્યની અનેક મુદ્રાઓ અને તાલનો નિર્દેશ દૃષ્ટિગોચર થાય છે. એ દ્વારા એમના તે વિશેના અપૂર્વ શાસ્ત્રીય જ્ઞાનની પ્રતીતિ થાય છે.

તેઓ ભક્તકવિ અને સંગીતશાસ્ત્રી કવિ ઉપરાંત એક વિશિષ્ટ ભક્તિસંપ્રદાયના પ્રવર્તક પણ હતા. આજે પણ એમની બે શિષ્યપરંપરા ચાલી આવે છે – એક છે વિરક્ત શિષ્યપરંપરા અને બીજી છે ગૃહસ્થ ગોસ્વામી પરંપરા.

નિધિવનની પાવનકારી પુણ્યભૂમિમાં જીવન વિતાવી સ્વામીજીએ સંવત 1632માં આ લૌકિક દુનિયામાંથી વિદાય લીધી. આવા સ્વામીજીએ હિન્દુસ્તાની સંગીતને મધુરવ્રજ ભાષામાં મઢીને ભારતીય ચારિત્ર્ય અને સંગીતને અમર કર્યું છે. ભારતની સંગીતસંસ્કૃતિમાં સ્વામી હરિદાસનું નામ અમરત્વ પામી ચૂક્યું છે.

આ મહાન જ્યોતિર્ધર સમા સ્વામી હરિદાસજીની સમાધિ વૃંદાવનમાં છે. ત્યાં દર વર્ષે સંગીત સમારોહ યોજાય છે અને અનેક કલાકારો પોતાની કલાના પ્રસ્તુતીકરણ દ્વારા સ્વામીજીને યાદ કરી શ્રદ્ધાસુમન અર્પણ કરે છે.

## (2) તાનસેન

**જન્મ :** ઈ.સ. 1532 **મૃત્યુ :** ઈ.સ. 1589



ભારતીય શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે વિશ્વના અનેક તેજસ્વી તારલાઓએ સદીઓથી મહાન સંગીત પરંપરાને જીવંત રાખી છે. આમાંના એક ધ્રુવતારક સમાન તેજસ્વી તારલા એટલે 'તાનસેન'. તાનસેન ભારતના સંગીત ગૌરવ હતા.

આ મહાન સંગીતસ્વામીનો જન્મ ગ્વાલિયરથી સાત માઈલ દૂર આવેલા બેહટ નામના એક નાના ગામમાં આશરે ઈ.સ. 1532માં થયો હતો.

પિતાનું નામ મકરંદ પાંડે અને માતાનું નામ લક્ષ્મી હતું. પાંડેજી પોતે એક સારા ગાયક હતા. લોકવાયકા પ્રમાણે મહંમદ ગૌસ નામના મહાન ફકીરના આશીર્વાદથી મકરંદ પાંડેને પુત્રપ્રાપ્તિ થઈ. આ બાળકનું નામ 'રામતનુ' રાખવામાં આવ્યું. કેટલાક એને 'તન્નામિકા' પણ કહેતા. આગળ જતાં એ 'તાનસેન'ને નામે પ્રસિદ્ધ થયા.

બાળવયમાં રામતનુ તોફાની પ્રકૃતિના હતા. જ્યારે એમની ઉંમર 10 વર્ષની થઈ ત્યારે એ વિવિધ પ્રકારના પશુ–પક્ષીઓના અવાજની આબેહૂબ નકલ કરતા હતા.

એ દિવસોમાં વૃંદાવનના સંગીતાચાર્ય સ્વામી હરિદાસ પોતાની શિષ્યમંડળી સાથે કાશીની યાત્રાએ જઈ રહ્યા હતા. જ્યારે તેઓ બેહટ ગામ નજીક પહોંચ્યા ત્યારે રામતનુએ કંઈક કુતૂહલ પેદા કરવાના ઇરાદાથી 'વાઘ' ગર્જના કરી. સ્વામી હરિદાસે બાળ રામતનુની આ પ્રાકૃતિક પ્રતિભાથી પ્રભાવિત થઈ એમને એમના પિતા પાસે લઈ જઈ સંગીત શીખવવાની ઇચ્છા પ્રગટ કરી.

બાળપણમાં તાનસેન તથા સૂરદાસે ગ્વાલિયરમાં રાજા માનસિંહ તોમરે સ્થાપેલી સંગીતશાળામાં સંગીતનો પ્રાથમિક અભ્યાસ કર્યો હતો, જેથી એમની વચ્ચે ગાઢ મિત્રતા હતી.

તાનસેનની પ્રશસ્તિરૂપે સૂરદાસે એક દુહો રચ્યો હતો. એના શબ્દો નીચે મુજબ છે :

**"વિધના યહ જીન જાની કૈ શેષહિ દિયે ન કાન,**

**ધરા, મેરુ સબ ડોલતે તાનસેનકી તાન."**

સ્વામી હરિદાસ પાસેથી વિદ્યા પ્રાપ્ત કરીને રામતનુ રિવા ગયા અને રિવાના નરેશ રાજા રામચંદ્રના દરબારી સંગીતકાર તરીકે નિયુક્ત થયા. મહારાજાએ એમને 'તાનસેન'નો ઇલ્કાબ આપ્યો. ટૂંક સમયમાં જ એમની ખ્યાતિ દેશભરમાં ફેલાઈ ગઈ. એમની પ્રશંસા સાંભળીને અકબરે રાજા રામચંદ્ર પાસેથી તાનસેનની માગણી કરી અને આ રીતે અકબરના દરબારમાં તાનસેન 'નવરત્ન'માં સ્થાન પામ્યા.

સંગીતના એ સાધનાકાળ દરમિયાન તાનસેનને ત્યાં ચાર પુત્રો અને એક પુત્રીનો જન્મ થયો હતો. પુત્રોના નામ હતાં – સુરતસેન, શરતસેન, તરંગસેન અને વિલાસસેન તથા પુત્રીનું નામ હતું સરસ્વતી.

તાનસેન એક અલૌકિક સંગીતકાર હતા. કિંવદંતીઓ મુજબ 'દીપક રાગ' ગાઈને તેમણે દીવા પ્રગટાવ્યા હતા તથા અજવાળાં પાથર્યાં પણ એનો પરિશ્રમ એમને મોંઘો પડ્યો. એમના અંગેઅંગમાં અગ્નિદાહ પેદા થયો, જેને ગુજરાતની બે બહેનો તાના–રીરીએ 'મેઘમલ્હાર' રાગ ગાઈને વર્ષા વરસાવીને શમાવ્યો હતો.

તાનસેને અનેક રાગોની રચના કરી હતી. જેવા કે રાગ દરબારી–કાનડા, મિયાં કી સારંગ, મિયાં મલ્હાર વગેરે.

'અકબરનામા'માં દર્શાવ્યા મુજબ તાનસેનનું મૃત્યુ 26–4–1589ના રોજ આગ્રામાં થયું હતું.

તાનસેન સંગીતસમ્રાટ હોવા ઉપરાંત કવિ પણ હતા. એમની મુખ્ય રચનાઓમાં ધ્રુપદો પ્રચલિત છે. એનો મોટો ભાગ 'રાગ કલ્પદ્રુમ'માં સંકલિત થયો છે.

દર વર્ષે આકાશવાણી તરફથી તાનસેનનો ઉર્સ મધ્યપ્રદેશનાં ગ્વાલિયર મુકામે ઉજવાય છે, જેમાં ભારતના ઘણા નામાંકિત કલાકારો તાનસેનને સંગીતરૂપી અંજલિ અર્પે છે. મધ્યપ્રદેશની સરકાર તરફથી દર વર્ષે એક ઉચ્ચ કક્ષાના સંગીતકારને 'તાનસેન ઍવૉર્ડ' પ્રદાન કરવામાં આવે છે.

'આઈને અકબરી'માં અબુલફઝલે લખ્યું છે : "તાનસેન જેવો મહાન ગાયક પાછલાં એક હજાર વર્ષમાં થયો નથી."

## (3) બૈજુ બાવરા

ગુજરાતના ગૌરવ સમાન અપૂર્વ મહાગાયક મહાન સંગીતસ્વામી 'બૈજુ'નો જન્મ ગુજરાતના ચાંપાનેરમાં થયો હતો. તેમનું મૂળ નામ વ્રજલાલ હતું, પરંતુ તેમની માતા એને બૈજુના ટૂંકા નામે સંબોધતી. ઉત્તર ભારતના વસવાટ દરમિયાન તેમણે 'બૈજનાથ' નામ ધારણ કર્યું હતું અને સંસારના ઇતિહાસમાં એ પ્રસિદ્ધ થયાં 'બૈજુ બાવરા'ને નામે.

બાલ્યકાળમાં જ તેમણે પિતાની છત્રછાયા ગુમાવી હતી. માતાએ તેમને ઉછેરીને મોટા કર્યા હતા. બૈજુ માને કંઠે ગવાતાં ગીતો–ભજનો સાંભળવામાં તલ્લીન થઈ જતા. તેમના જીવનમાં માતાએ સંગીતનું સિંચન કર્યું હતું.

કંઈક સાંસારિક વિટંબણાઓને કારણે માતાના મનમાં વિરક્ત ભાવ જાગ્યો ને તેઓ પોતાના લાડકવાયા પુત્ર બૈજુને લઈ વૃંદાવન આવ્યાં. વૃંદાવનમાં મહાન સંગીતાચાર્ય સ્વામી હરિદાસજી પાસે બૈજુએ સંગીતસાધનાનો પ્રારંભ કર્યો.



એકાદ દાયકો વીતી ગયો. બૈજુ યુવાન થયા. સ્વામી હરિદાસજીના અનેક સંસ્કારો તેમણે ઝીલ્યા. તેમની ગ્રહણશક્તિ અજબ હતી અને આ રીતે બૈજુએ અનેક રાગરાગિણીમાં પ્રભુત્વ મેળવ્યું.

ગ્વાલિયરના રાજા માનસિંહ તોમર સંગીતપ્રેમી હતા. બૈજુની રાહબરી નીચે ગ્વાલિયરમાં રાજા માનસિંહે સંગીત વિદ્યાપીઠ સ્થાપી અને બૈજુ એના મુખ્ય આચાર્ય થયા. ઘણીવાર રાજા માનસિંહ અને રાણી મૃગનયની એની સાથે સંગીતચર્ચાઓ કરતાં. બૈજુએ ગુર્જરી તોડી, મૃગરંજની તોડી, મંગલગુર્જરી જેવા નવા રાગોનું સર્જન કર્યું હતું.

બૈજુ તેમના પાલકપુત્ર અને શિષ્ય ગોપાળ અને પુત્રી મીરાંની યાદમાં દીવાના થઈ ગયા, ‘બાવરા’ બની ગયા અને ‘બૈજુ બાવરા’થી ઓળખાવા લાગ્યા.

બૈજુની સંગીતસિદ્ધિ અપૂર્વ હતી. અનેક પ્રસંગો એમના જીવનમાં બન્યા. એક પ્રસંગ મુજબ જ્યારે બૈજુ બાવરા પોતાના દિવ્ય સંગીતના ફળસ્વરૂપ રાગ માલકૌંસ એક રાજદરબારમાં ગાઈ રહ્યા હતા ત્યારે સંગીત એની સિદ્ધિની પરાકાષ્ઠાએ પહોંચ્યું. પાષાણ પીગળી ગયા. મૃગરંજની રાગ દ્વારા હરણને દરબારમાં બોલાવ્યા.

આ સિદ્ધિ બૈજુના રચેલાં પદમાં જોવા મળે છે :

**“કહે બૈજુ બાવરે, હે મેરે ગોપાળલાલ,**
**હિરણ બોલાવે, પાષાણ પિઘલાવે,**
**તેરી લાખ, મેરો એક.”**

સંગીતસૃષ્ટિના એ મૂલ્યવાન રત્ન હતા, તેમણે અનેક પદરચનાઓ કરી હતી. તેમના ઘણાંખરાં પદો ધ્રુપદવાળાં છે. તેમની ઘણી રચનાઓ ‘સંગીત રાગ કલ્પદ્રુમ’માં સંગ્રહાયેલી છે.

તેમણે રચેલાં પદો ભક્તિસભર છે. તેમણે એ વિવિધ રાગોમાં રચ્યાં હતા. એક ગુજરાતીને હાથે રચાયેલી એ સૌ હિંદી, વ્રજભાષાની રચનાઓ અનેક ગાયકોના કંઠનો શણગાર બની સંસારમાં જીવંત રહી છે.

## (4) પંડિત રવિશંકર

શાસ્ત્રીય સંગીતની સૃષ્ટિમાં ભાગ્યે જ કોઈ સંગીતરસિક પંડિત રવિશંકરના નામથી અણજાણ હશે. વિદેશોમાં ભારતીય સંગીત, સંસ્કૃતિ અને સિતારવાદનનો પ્રચાર કરનાર પંડિત રવિશંકરજીનો જન્મ ઈ.સ. 1920માં વારાણસીમાં એક સંસ્કારી બંગાળી કુટુંબમાં થયો હતો. એમના પિતા શ્યામશંકર સંસ્કૃતના પ્રખર પંડિત હતા. તેઓ ઝાલાવાડ સ્ટેટના દીવાન હતા. ત્યારબાદ એમણે લંડનમાં વકીલાત શરૂ કરી. રવિશંકરના માતા હેમાંગિનીદેવી પુત્રો સાથે વારાણસીમાં જ રોકાયાં.

આઠ વર્ષની ઉંમરે રવિશંકર કવિવર ટાગોરનાં કેટલાક ગીતો કંઠસ્થ કરી મહેમાનોનું સ્વાગત કરતા. રવિશંકર કહે છે કે, એમના પ્રથમ ગુરુ એમના જયેષ્ઠબંધુ ઉદયશંકર હતા. એ એમના આદર્શ પણ હતા. ભારતીય સંગીત તથા સંસ્કૃતિની ઉચ્ચતા, મહત્તા તથા વિપુલતાનું ભાન એમણે જ રવિશંકરને કરાવ્યું હતું.

ઉસ્તાદ અલાઉદ્દીન ખાં પાસે સિતારની તાલીમ શરૂ કરી, મહિયરમાં લગભગ સાત વર્ષ સુધી રવિશંકરે અવિરત રિયાઝ કર્યો.



ઈ.સ. 1939ના ડિસેમ્બર મહિનામાં રવિશંકરે અલ્હાબાદ સંગીત પરિષદમાં પ્રથમ કાર્યક્રમ રજૂ કર્યો. ત્યારબાદ ઈ.સ. 1944 સુધી એમણે લખનૌ રેડિયો પરથી કાર્યક્રમો આપ્યા. તે જ વર્ષમાં એમના પત્ની અન્નપૂર્ણાદેવી તથા પુત્ર શુભેન્દ્ર સાથે તેઓ મુંબઈ સ્થાયી થયા. પં. રવિશંકરે ઘણા ચલચિત્રોમાં સંગીત–દિગ્દર્શન કર્યું હતું. ત્યારબાદ રવિશંકરે 'ઇમ્મોર્ટલ ઇન્ડિયા', 'ડિસ્કવરી ઑફ ઇન્ડિયા' નામની નૃત્યનાટિકામાં પણ સંગીત આપ્યું.

ઈ.સ. 1948માં રવિશંકરની નિમણૂક દિલ્હી રેડિયો સ્ટેશન પર 'ડાયરેક્ટર ઑફ મ્યુઝિક ફૉર એક્સ્ટર્નલ સર્વિસ' તરીકે થઈ. ત્યાં એમણે ભારતીય વાદ્યવૃંદ તથા સમૂહગાનની રચના કરી અને તેમાં અવનવા પ્રયોગો કરીને સારી સફળતા મેળવી.

પં. રવિશંકરે 'કાબુલીવાલા' ફિલ્મમાં સંગીત આપ્યું અને તે માટે એમને સંગીતનું 'સિલ્વરબેર' સન્માન 'બર્લિન મ્યુઝિક ફેસ્ટિવલ'માં મળ્યું.

ત્યારબાદ એમણે સત્યજીત રેની મશહૂર ફિલ્મો 'પથેર પાંચાલી', 'અપૂર સંસાર' તથા 'અપરાજિતા'માં સંગીત આપી દુનિયાભરમાં પ્રસિદ્ધિ મેળવી.

1958માં 'મેલડી ઍન્ડ રીધમ' નામના એક કાર્યક્રમમાં એમણે એક સો કલાકારોના ઑરકેસ્ટ્રા તથા સમૂહગાન સાથે સંગીત રજૂ કર્યું હતું.

મશહૂર વાયોલિન વાદક યહૂદી મેન્યુહીન સાથેની જુગલબંદીના કાર્યક્રમો થયા હતા અને તેની ખૂબ જ પ્રશંસા થઈ હતી.

જ્યૉર્જ હેરિસન મશહૂર 'બીટલ' સંગીતકાર પણ રવિશંકરના શિષ્ય હતા અને એમણે પોતાના ઑરકેસ્ટ્રામાં સિતારને દાખલ કરી હતી. આ કારણે રવિશંકરની લોકપ્રિયતા વિદેશોમાં ખૂબ જ વધી ગઈ.

રવિશંકરે 'ઇન્ડિયા વીક એલિબ્રેહાન્સ', 'યુનેસ્કો ફેસ્ટિવલ' વગેરે આંતરરાષ્ટ્રીય પરિષદોમાં સફળ કાર્યક્રમો આપી વિદેશોમાં ભારતીય સંગીતને ઉચ્ચ સ્થાન અપાવ્યું.

રવિશંકર કેટલાક દક્ષિણ ભારતીય રાગો જેવા કે કિરવાણી, કલાવતી, ચારુકેશી, પરમેશ્વરી, હેમંતને પ્રચારમાં લાવ્યા હતા.

રવિશંકરે 'મ્યુઝિક મેમરીઝ' તથા 'માય મ્યુઝિક ઍન્ડ માય લાઈફ' એ નામે પુસ્તકો લખ્યાં છે. રવિશંકરના ઘણા શિષ્યોએ વિદેશોમાં સારી નામના મેળવી છે. એમાં સલિલ ચૌધરી, હરિપ્રસાદ ચૌરસિયા, લક્ષ્મીશંકર, જયા વિશ્વાસ, શમીમ અહમદ વગેરે મુખ્ય ગણી શકાય. પંડિત રવિશંકરને 'પદ્મભૂષણ' અને 'ભારતરત્ન' જેવા ઉચ્ચકક્ષાના ઇલકાબ ભારત સરકાર તરફથી પ્રાપ્ત થયા હતા. કેલિફોર્નિયા યુનિવર્સિટીએ પણ એમને માનદ્ 'ડૉક્ટરેટ'ની પદવી આપી હતી.

પં. રવિશંકરના હૃદયમાં સંગીત માટે ઉચ્ચ ભાવના હતી. તેઓ લખે છે કે : ''સંગીતના સ્વરોમાં જ ઘણુંખરું એમને પ્રભુનું દર્શન થાય છે. સંગીતથી મનુષ્ય આધ્યાત્મિક ઉન્નતિ અને શાશ્વત શાંતિ પામી શકે છે.'' આ મહાન કલાકારનું મૃત્યુ તા. 11-12-2012ના રોજ અમેરિકામાં થયું હતું.

## સ્વાધ્યાય

**1. એક વાક્યમાં જવાબ આપો :**

| સ | ક | લ | જ | ગ | ત | કે | ડ | તુ | મ | ના | ડડ | થાડ | ડડ | – | – |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**સ્થાયીના આલાપ :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સા | ગ | – | ગ | પ | – | ગ | – | ગ | – | ગ | પ | ગ | -રે | સા | ન઼ી |
| 2. | સા | રે | – | સા | ન઼ી | – | – | – | પ઼ | ન઼ી | ધ઼ | સા | ન઼ી | રે | સા | ન઼ી |
| 3. | સા | ગ | – | ગ | પ | – | ગ | – | નીધ | સાંની | પ | પ | ગ | -રે | સા | ન઼ી |
| 4. | – | ગ | – | ગ | પ | – | ની | ધ | સાં | ની | – | પ | ગ | રે | સા | ગ |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**અંતરાના આલાપ :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ગ | પ | ની | – | ની | – | – | – | ની | – | – | – | સાંની | ધપ | ગરે | સા |
| 2. | ગપ | નીસાં | પની | સાંગં | ગં | – | – | – | ગં | – | – | – | રેંસાં | નીરેં | સાં | – |
| 3. | પ | ની | ધ | સાં | ની | – | – | – | પ | – | ગ | પ | ગપ | નીસાં | પની | સાં |
| 4. | ની | સાં | ગં | – | ગં | – | – | – | રેં | સાં | ની | – | પ | – | સાં | – |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**સ્થાયીની તાન :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ગપ | નીસાં | પની | સાંગં | રેંસાં | નીરેં | સાંની | સાં– | નીની | ધપ | ધધ | પગ | પપ | ગરે | ગગ | રેસા |
| 2. | ગગ | ગપ | પપ | નીની | સાં– | પની | સાંપ | નીસાં | પની | સાંગં | સાંરેં | નીસાં | નીધ | પગ | રેસા | ન઼ીસા |
| 3. | ગપ | પગ | પપ | ગરે | નીસાં | સાંની | સાંસાં | નીસાં | નીધ | પ– | ગપ | પગ | પપ | ગરે | ગરે | સા– |
| 4. | સાગ | સાગ | પપ | ગપ | ગપ | નીની | પની | પની | સાંસાં | નીસાં | ગંરેં | સાંની | ધપ | ગરે | પગ | રેસા |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**અંતરાની તાન**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | પની | સાંગં | રેંસાં | નીરેં | સાંની | ધપ | ગરે | સા– | સાંની | ધપ | ગરે | સા– | સાંની | ધપ | ગરે | સા– |
| 2. | નીસાં | સાંની | સાંસાં | નીસાં | નીસાં | નીધ | પગ | રેસા | ગપ | ગપ | પપ | ગપ | ગપ | ધપ | ગરે | સા– |
| 3. | પની | ધસાં | નીરેં | સાંગં | રેંસાં | નીધ | પગ | રેસા | ગંગં | રેંગં | ગંરેં | સાંસાં | નીધ | પગ | પગ | રેસા |
| 4. | પની | નીપ | નીની | પની | પની | સાંગં | રેંસાં | નીસાં | ગપ | પગ | પપ | ગપ | ગપ | નીધ | પગ | રેસા |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

● **રાગ–શંકરા** **તરાના** **તાલ–ત્રિતાલ**

**સ્થાયી :** તોં તનનનનન તન દેરેના,

તારેદાનિ તન તદાનીઉદ, નિત

તદરેદાનિ તાર્દાનિ. ।

**અંતરા :** ત ન દે રે આ તો મ્ત ન ન દે રે ના,

ત દા ર દા નિ, ત ન ત ન ત દા નિ,

ઉ દા નિ ત ત દ રે દા ની તા ર્દા નિ. ॥

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | સા | – |
| | | | | | | | | | | | | | | તોં | ઽ |
| સાં | સાં | સાં | સાં | ધ | નીરેં | સાં | ની | પ | પ | પ | – | ની | – | ધ | – |
| ત | ન | ન | ન | ન | નઽ | ત | ન | દે | રે | ના | ઽ | ઽ | ઽ | ઽ | ઽ |
| સાં | – | સાં | ની | પ | – | – | ગ | પ | ગ | પ | ગ | પ | – | પ | ગ |
| તા | ઽ | ઽ | રે | દા | ઽ | ઽ | ની | ત | ન | ત | દા | ની | ઽ | ઉ | દ |
| ગ | રે | ગ | ધ | પ | ગ | – | રે | સા | રે | ગ | સા | રે | સા | સા | – |
| નિ | ત | ત | દ | રે | દા | ઽ | નિ | તા | ઽ | ઽ | ર્દા | ઽ | નિ, | તોં | ઽ |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

### અંતરા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | પ | સાં | સાં | – | સાં | સાં | – | સાં | ધ | સાં | સાં | સાં | સાં | સાં | – |
| ત | ન | દે | રે | ડ | આ | તો | ડ | મ્ત | ન | ન | ન | દે | રે | ના | ડ |
| ગં | ગં | ગં | રેં | પં | – | ગં | ગં | પં | – | રેં | ગં | રેં | – | સાં | – |
| ડ | ત | દા | ડ | ડ | ડ | ર | દા | નિ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ |
| સાં | સાં | ની | પ | – | ગ | ગ | ગ | ગ | રે | ગ | ધ | પ | ગ | – | રે |
| ત | ન | ત | દા | ડ | નિ | ઉ | દા | નિ | ત | ત | દ | રે | દા | ડ | નિ |
| સા | રે | ગ | સા | રે | સા | સા | – | | | | | | | | |
| તા | ડ | ડ | ર્દા | ડ | નિ, | તોં | ડ | | | | | | | | |
| X | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

## ● રાગ–શંકરા     ધ્રુપદ     તાલ-ચૌતાલ

**સ્થાયી :** આદિ નાદ બ્રહ્મનાદ, સૂર કોહિ ઉદય હોત,

વેહી બિસ્તાર જાત, સબ ગુનિયન જાને. ।

**અંતરા :** બિદ્યા હૈ બ્રહ્મ બીજ, ઔર સબ હી અવિદ્યા, ઉસ કારન બ્રહ્મ રંદ્ર, સૂર બિનાવે. ॥

### સ્થાયી

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાં | – | ની | ની | પ | પ | ગ | પ | સાં | ની | – | પ |
| આ | ડ | દિ | ના | ડ | દ | બ્ર | ડ | હ્મ | ના | ડ | દ |
| પ | ગ | – | ગ | – | પ | પ | ગ | પ | ગ | – | સા |
| સૂ | ર | ડ | કો | ડ | હિ | ઉ | દ | ય | હો | ડ | ત |
| સા | – | – | ગ | – | ગ | ગ | પ | પ | ની | સાં | સાં |
| વે | ડ | ડ | હી | ડ | બિ | સ્તા | ડ | ર | જા | ડ | ત |
| સાં | ની | પ | પ | ગ | ગ | પ | ગ | પ | ગ | – | સા |
| સ | બ | ગુ | નિ | ય | ન | જા | ડ | ડ | ડ | ડ | ને |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | |

### અંતરા

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | – | – | સાં | – | સાં | સાં | – | રેં | સાં | – | સાં |
| બિ | ડ | ડ | ઘા | ડ | હૈ | બ્ર | ડ | હ્મ | બી | ડ | જ |
| સાં | – | ગં | ગં | ગં | પં | પં | ગં | પં | ગં | – | સાં |
| ઔ | ડ | ર | સ | બ | ડ | હી | ડ | અ | વિ | ડ | ઘા |
| સાં | ગં | સાં | – | ની | પ | ગ | પ | સાં | ની | – | પ |
| ઉ | સ | કા | ડ | ર | ન | બ્ર | ડ | હ્મ | રં | ડ | દ્ર |
| સાં | ની | પ | પ | ગ | – | પ | ગ | પ | ગ | – | સા |
| સૂ | ર | ડ | બિ | ના | ડ | ડ | ડ | ડ | ડ | ડ | વે |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | |

● **રાગ–શંકરા** **ધ્રુપદ–દુગુન** **તાલ-ચૌતાલ**

### સ્થાયી

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાં– | નીની | પપ | ગપ | સાંની | –પ | પગ | –ગ | –પ | પગ | પગ | –સા |
| આડ | દના | ડદ | બ્રડ | હ્મના | ડદ | સૂર | ડકો | ડહી | ઉદ | યહો | ડત |
| સા– | –ગ | ગ– | ગપ | પની | સાંસાં | સાંની | પપ | ગગ | પગ | પગ | –સા |
| વેડ | ડહી | ડબિ | સ્તાડ | રજા | ડત | સબ | ગુનિ | યન | જાડ | ડડ | ડને |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | |

### અંતરા

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ– | –સાં | –સાં | સાં– | રેંસાં | –સાં | સાં– | ગંગં | ગંપં | પંગં | પંગં | –સાં |
| વિડ | ડઘા | ડહૈ | બ્રડ | હ્મબી | ડજ | ઔંડ | રસ | બડ | હીડ | અવિ | –ઘા |
| સાંગં | સાં– | નીપ | ગપ | સાંની | –પ | સાંની | પપ | ગ– | પગ | પગ | –સા |
| ઉસ | કાડ | રન | બ્રડ | હ્મરં | ડદ્ર | સૂર | ડબિ | નાડ | ડડ | ડડ | ડવે |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | |

● **રાગ–શંકરા** **ધમાર** **તાલ–ધમાર**

**સ્થાયી :** હોરી તુજે શુભ હોવેરી, તેરે આયો બગર. મેં લાલ તોરી. ।

**અંતરા :** ધન ધન ભાગ સુહાગરી, પ્યારી હિલમિલ લે નંદ કે લાલ તોરી. ॥

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ની | ધ | ની | પ | – | – | પ | પ | ની | ધ | સાં | – | ની | ની | |
| હો | ડ | ડ | રી | ડ | ડ | તુ | જે | ડ | ડ | ડ | ડ | શુ | ભ | |
| પ | ગ | – | ગ | – | પ | – | ગ | – | રે | સા | રે | સા | – | |
| હો | ડ | ડ | વે | ડ | ડ | ડ | રી | ડ | ડ | તે | ડ | રે | ડ | |
| સા | ગ | – | સા | – | – | સા | ગ | ગ | – | ગ | – | પ | – | |
| આ | ડ | ડ | યો | ડ | ડ | બ | ગ | ર | ડ | મેં | ડ | ડ | ડ | |
| પ | – | – | ની | – | – | ધ | સાં | – | – | ની | – | સાં | સાં | |
| લા | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | લ | ડ | તો | રી | |
| X | | | | | 2 | | 0 | | | 3 | | | | |

**અંતરા**

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | પ | – | સાં | સાં | સાં | – | સાં | – | સાં | સાં | રેં | સાં | – | |
| ધ | ન | ડ | ધ | ન | ભા | ડ | ગ | ડ | સુ | હા | ડ | ગ | ડ | |
| સાં | – | ગં | સાં | – | ની | ધપ | પ | ની | ધ | સાં | સાં | ની | – | |
| રી | ડ | ડ | પ્યા | ડ | રી | ડડ | હિ | લ | ડ | ડ | મિ | લ | ડ | |
| ગ | પ | – | સાં | ની | પ | – | પ | ગ | પ | ગ | રેસા | સાં | સાં | |
| લે | ડ | ડ | નં | દ | કે | ડ | લા | ડ | ડ | લ | ડડ | તો | રી | |
| X | | | | | 2 | | 0 | | | 3 | | | | |

## ● રાગ–શંકરા  ધમાર–દુગુન  તાલ–ધમાર

### સ્થાયી

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નીધ | નીપ | –– | પપ | નીધ | સાં– | નીની | પગ | –ગ | –પ | –ગ | –રે | સારે | સા– |
| હોડ | ડરી | ડડ | તુજે | ડડ | ડડ | શુભ | હોડ | ડવે | ડડ | ડરી | ડડ | તેડ | રેડ |
| સાપ | –સા | –– | સાગ | ગ– | ગ– | પ– | પ– | –ની | –– | ધસાં | –– | ની– | સાંસાં |
| આડ | ડયો | ડડ | બગ | રડ | મેંડ | ડડ | લાડ | ડડ | ડડ | ડડ | ડડ | લડ | તોરી |
| X | | | | | 2 | | 0 | | | 3 | | | |

### અંતરા

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | પ | – | સાં | સાં | સાં | – | પપ | –સાં | સાંસાં | –સાં | –સાં | સાંરેં | સાં– |
| ધ | ન | ડ | ધ | ન | ભા | ડ | ધન | ડધ | નભા | ડગ | ડસુ | હાડ | ગડ |
| સાં– | ગંસાં | –ની | ધપપ | નીધ | સાંસાં | ની– | ગપ | –સાં | નીપ | –પ | ગપ | ગરેસા | સાંસાં |
| રીડ | ડપ્પા | ડરી | ડડહિ | લડ | ડમિ | લડ | લેડ | ડનં | દકે | ડલા | ડડ | લડડ | તોરી |
| X | | | | | 2 | | 0 | | | 3 | | | |

## ● રાગ–શંકરા :  ગત  તાલ-ત્રિતાલ

### સ્થાયી

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ગ | પ | પ | ની | ધ | સાં | સાં | ની | – | પ | પ | ગ | રે | સા | સા |
| ગ | ગ | પ | પ | ની | ની | પ | ની | સાં | રેં | સાં | ની | પ | ગ | રે | સા |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

### અંતરા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | પ | ની | ધ | સાં | સાં | સાં | સાં | ગં | ગં | ગં | ગં | ગં | રેં | સાં | ની |
| ગં | ગં | ગં | રેં | સાં | રેં | સાં | ની | પ | સાં | ની | ની | પ | ગ | રે | સા |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**તાન :**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સાસા | ગગ | પપ | નીની | પપ | ગપ | ગરે | સા– |
| 2. | સાસા | ગગ | પપ | નીધ | સાંનિ | પપ | ગરે | સા– |
| 3. | ગપ | નીધ | સાં– | સાંરેં | સાંની | પપ | ગરે | સા– |
| 4. | ગપ | નીસાં | ગંરેં | સાંની | પપ | ગપ | ગરે | સા– |
| | X | | | | 2 | | | |

● રાગ–શંકરા **રજાખાની ગત** **તાલ–ત્રિતાલ**

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | સાસા | ગ | પ | પ | પપ | સાં | ની | પ | – | ગ | પ | ગ | પપ | ગ | સા |
| દા | દિર | દા | રા | દા | દિર | દા | રા | દા | ડ | દા | રા | દા | દિર | દા | દા |
| સા | – | ગ | ગ | પ | પપ | ની | ધ | સાં | – | ની | ધ | પ | નીધ | સાં | ની |
| દા | ડ | દા | રા | દા | દિર | દા | રા | દા | ડ | દા | રા | દા | દિર | દા | દા |
| સાં | ગંગં | સાં | ની | પ | નીધ | સાં | ની | પ | – | ગ | પ | ગ | રેરે | સા | – |
| દા | દિર | દા | રા | દા | દિર | દા | રા | દા | ડ | દા | રા | દા | દિર | દા | ડ |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**અંતરા**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | પપ | સાં | સાં | સાં | – | સાં | સાં | સાં | સાંસાં | ની | પ | પ | પપ | સાં | ની |
| દા | દિર | દા | રા | દા | ડ | દા | રા | દા | દિર | દા | રા | દા | દિર | દા | દા |
| સાં | સાંસાં | ગ | પ | ગ | પપ | ની | ધ | સાં | – | ની | પ | ગ | પપ | ગ | સા |
| દા | દિર | દા | રા | દા | દિર | દા | રા | દા | ડ | દા | રા | દા | દિર | દા | રા |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**રાગ – શંકરા : તોડા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ગરે | સાસા | ગગ | રેસા | પપ | ગરે | ગરે | સાસા |
| | X | | | | 2 | | | |
| 2. | પપ | ગરે | સાંસાં | નીની | ધપ | ગરે | ગરે | સાસા |
| | X | | | | 2 | | | |
| 3. | ગપ | નીસાં | ગંરેં | સાંની | ધપ | પગ | પગ | રેસા |
| | X | | | | 2 | | | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 4. | સારે | સાસા | પધ | પપ | \| | નીની | ધસાં | નીધ | પપ | \| | |
| | 0 | | | | \| | 3 | | | | \| | |
| | નીસાં | નીધ | પપ | ગપ | \| | ગપ | ગરે | ગરે | સાસા | \| | |
| | X | | | | \| | 2 | | | | \| | |
| 5. | ગપ | નીસાં | ગંરેં | સાંની | \| | રેંસાં | નીધ | પધ | પપ | \| | |
| | 0 | | | | \| | 3 | | | | \| | |
| | પપ | ગપ | ગરે | સાસા | \| | ગપ | નીધ | સાં | સાં | \| | |
| | X | | | | \| | 2 | | | | \| | |
| | ગપ | નીધ | સાં | સાં | \| | ગપ | નીધ | સાં | સાં | \| | પ |
| | 0 | | | | \| | 3 | | | | \| | X |

## (9) રાગ–ભૈરવી

- **આરોહ :** સા રે ગ મ પ ધ ની સાં
- **અવરોહ :** સાં ની ધ પ મ ગ રે સા
- **પકડ :** સા ગ રે સા, ધ ની સા

- **રાગ – ભૈરવી** **ઠુમરી** **તાલ-દીપચંદી**

**સ્થાયી :** નાહીં પરત મૈં કા ચૈન સાંવરિયા. ।

**અંતરા :** પ્રેમપિયા કો બેગ લે આવો,

તરપત દિનરૈન, સાંવરિયા. ॥

**સ્થાયી**

| | | | | | |
|---|---|---|---|---|---|
| \| | સાગ | સાગમપમ | રેસાસારે નીસા– | પધ | \| |
| \| | નાડ | હીંડડડપ | રડતડડડડડ | મૈંકા | \| |
| | 3 | | | | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નીધ | પ | પ | \| | –ધ | ધધ | ધપમગ– | સાગમપધપમગ | \| | રેગસારે | નીસા–– | ધ નીસા– | |
| ચૈડ | ડ | ન | \| | ડસાં | વરિ | યાડડડડ | ડડડડડડડડ | \| | ડડડડ | ડડડડ | ડડડડ | |
| X | | | \| | 2 | | | | \| | 0 | | | |

**અંતરા**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ગમ | ધનિ | ધ નીસાંરેંગંરેંગં | સાંરેં નીસાં– |
| | | | પ્રેડ | મપિ | યાડડડડડડડ | કોડડડડ |
| | | | 3 | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ની–સાંસાં | પધ નીસાંરેંસાંનીસાં | ધપ | ગપ | પપ | પધ નીસાંસાં | ધ નીધપમપ |
| બેડગલે | આડડડડડડડ | વોડ | તર | પત | દિડડડડન | રૈડડડડનડ |
| X | | | 2 | | | |

| | | |
|---|---|---|
| ધ–ધધધ | ધપમગરેગ– | સારેનીસા— |
| સાંડવરિડ | યાડડડડડડ | ડડડડડ |
| 0 | | |

## (10) રાગ–પીલુ

**આરોહ :** ની સા ગ, રે ગ મ પ ધ પ ની ધ પ સાં

**અવરોહ :** સાં ની ધ પ મ ગ રે સા

**પકડ :** ની સા ગ, ની સા, પ ધ ની સા

### ઠુમરી

**તાલ-અધ્ધાત્રિતાલ**

**સ્થાયી :** પિયા બિન જિયરા ધરત ન ધીર,
સુનરી સખી કાહે કરું તદબીર. ।

**અંતરા :** નિસ દિન પલછીન, કલન પરત જિયા,
પિયા બિન રહે ન શરીર. ॥

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| – | સાગ | રે | ગ | સા | સારેગરે | સા | ની | ધ | પધ | ની | નિ | સા | – | – | – |
| ડ | પિયા | બી | ન | જિ | યડડડ | રા | ડ | ધ | રડ | ત | ન | ધીર | ડ | ડ | ડ |
| ની | સા | ગ | ગ | ગ | –રે | સાની | સા | – | ગમ | ધ | પ | ગ | –રે | સાની | સા |
| સુ | ન | રી | સ | ખી | ડડ | કાડ | હે | ડ | કરું | ત | દ | બી | ડડ | ડડ | ર |
| 2 | | | | 0 | | | | 3 | | | | X | | | |

### અંતરા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ગ | રે | મ | ગ | રે | સાની | સા | ગ | મ | ધ | પ | ગ | રે | સાની | સા |
| નિ | સ | દિ | ન | પ | લ | છીડ | ન | ક | લ | ન | પ | ર | ત | જિડ | યા |
| સા | ગ | ગ | મ | પ | મ | ગ | રે | પમ | પ | મગ | મ | ગરે | ગ | રેસા | રે |
| પિ | યા | બિ | ન | ર | હે | ન | શ | રીડ | ડ | ડડ | ડ | ડડ | ડ | રડ | – |
| 2 | | | | 0 | | | | 3 | | | | X | | | |

## (બ) સ્વરસમૂહ દ્વારા રાગ ઓળખ :

**1. જૌનપુરી** : (i) રે મ પ ધ, ની ધ પ, મ ગ રે સા
(ii) મ ગ રે સા, ની ધ પ, મ પ ધ ની સાં

**2. ભીમપલાસી** : (i) ની સા, મ ગ રે સા, પ મ, ગ રે સા મ
(ii) પ ની સાં રેં સાં, ની સાં, મં ગં રેં સાં

**3. ગૌડસારંગ** : (i) ગ રે, મ ગ, પ રે, સા
(ii) પ નિ ધ ની, પ ધ મંપ, ગ રે મ ગ

**4. જયજયવંતી** : (i) ની સા, ધ ની રે, રે ગ મ ગ, રે ગ રે સા
(ii) મ પ ની સાં, ધ ની પ રેં, સાં

**5. અડાણા** : (i) મ પ ધ ની સાં, ધ ની રેં સાં
(ii) ની પ મ પ સાં, ધ ની પ, ગ મ રે સા

**6. શંકરા** : (i) ગ પ ની ધ, સાં ની પ, ગ પ ગ સા
(ii) સાં ની પ, ની ધ, સાં ની પ, ગ પ ગ રે સા

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) રાગ યમનનો બડાખ્યાલ કયા તાલમાં છે ?
(2) રાગ જૌનપુરીમાં કયા સ્વરો કોમળ આવે છે ?
(3) રાગ શંકરાનો થાટ કયો છે ?
(4) ધમાર ગાયનમાં કયા તાલનો ઉપયોગ થાય છે ?
(5) ખુલ્લા બાજના તાલોનાં નામ જણાવો

**2. ખરા-ખોટાંની નિશાની કરો :**

(1) રાગ શંકરાનો થાટ બિલાવલ છે. [ ]
(2) રાગ અડાણામાં બે વિકૃત સ્વરો છે. [ ]
(3) રાગ જયજયવંતીમાં બંને ગાંધારનો પ્રયોગ થાય છે. [ ]
(4) રાગ ગૌડસારંગની જાતિ વક્રસંપૂર્ણ છે. [ ]

**3. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) રાગ યમનની વિલંબિતગત મસીતખાની ગત કઈ માત્રાથી શરૂ કરવામાં આવી છે ?

(2) રાગ યમનની વિલંબિતગત મસીતખાની ગત કયા તાલમાં છે ?

(3) રાગ યમનની વિલંબિતગત મસીતખાની ગત કઈ લયમાં વગાડવામાં આવે છે ?

(4) રાગ ભૂપાલીની કઈ ગત વિલંબિત લયમાં વગાડવામાં આવે છે ?

(5) રાગ જૌનપુરીના વાદી–સંવાદી સ્વરો કયા છે ?

(6) રાગ જયજયવંતીની મધ્યલય રજાખાની ગત કઈ લયમાં વગાડવામાં આવે છે ?

(7) રાગ જયજયવંતી કઈ જાતિનો રાગ છે ?

(8) રાગ શંકરનો થાટ કયો છે ?

(9) રાગ ગૌડસારંગની જાતિ કઈ છે ?

(10) રાગ અડાણાનો થાટ કયો છે ?

**4. યોગ્યતા પ્રમાણે જોડો :**

| **રાગ** | | **થાટ** |
|---|---|---|
| (1) રાગ–યમન | – | (1) આશાવરી |
| (2) રાગ–જયજયવંતી | – | (2) કાફી |
| (3) રાગ–અડાણા | – | (3) કલ્યાણ |
| (4) રાગ–ભીમપલાસી | – | (4) ખમાજ |

- **વિશેષ માહિતી :** **સ્વરલિપિ પદ્ધતિ**

આપણા ભારતીય સંગીતમાં બે સ્વરલિપિની પદ્ધતિ પ્રચારમાં છે : (1) વિષ્ણુ નારાયણ ભાતખંડે સ્વરલિપિ પદ્ધતિ (2) વિષ્ણુ દિગંબર પલુસ્કર સ્વરલિપિ પદ્ધતિ

| | **વિષ્ણુ નારાયણ ભાતખંડે સ્વરલિપિ પદ્ધતિ** | **વિષ્ણુ દિગંબર પલુસ્કર સ્વરલિપિ પદ્ધતિ** |
|---|---|---|
| (1) | શુદ્ધસ્વર–કોઈ ચિહ્ન નથી.<br>દા.ત. સા રે ગ મ પ ધ ની | શુદ્ધસ્વર – કોઈ ચિહ્ન નથી<br>દા. ત. સા રે ગ મ પ ધ ની |
| (2) | કોમળ સ્વર–સ્વરોની નીચે આડી લીટી કરવામાં આવે છે.<br>રે ગ ધ ની (underlined) | કોમળ સ્વર–સ્વરોની નીચે હલંત કરવામાં આવે છે.<br>રે્ ગ્ ધ્ ની્ |
| (3) | તીવ્ર સ્વર– સ્વરની ઉપર ઊભી લીટી કરવામાં આવે છે.<br>દા.ત. મ॑ | તીવ્ર સ્વર–સ્વરની પાસે ઊભી લીટી કરવામાં આવે છે.<br>દા.ત. મ। |

| | | |
|---|---|---|
| (4) | મધ્ય સપ્તક—કોઈ ચિહ્ન નથી<br>સા રે ગ મ પ ધ ની | મધ્ય સપ્તક – કોઈ ચિહ્ન નથી<br>સા રે ગ મ પ ધ ની |
| (5) | મંદ્ર સપ્તક – સ્વરોની નીચે બિંદુ<br>દા.ત. ન઼ી ધ઼ પ઼ | મંદ્ર સપ્તક—સ્વરોની ઉપર બિંદુ<br>દા.ત. સાં રેં ગં |
| (6) | તાર સપ્તક– સ્વરોની ઉપર એક બિંદુ<br>કરવામાં આવે છે.<br>દા.ત. સાં રેં ગં | તાર સપ્તક – સ્વરોની ઉપર ઊભી લીટી<br>કરવામાં આવે છે.<br>દા.ત. સા॑ રે॑ ગ॑ |
| (7) | કોઈ પણ શબ્દ લંબાવવા માટે અવગ્રહ<br>કરવામાં આવે છે. દા.ત. શ્યા ઽઽમ | કોઈ પણ શબ્દ લંબાવવા માટે બિંદુ<br>કરવામાં આવે છે. દા.ત. શ્યા··મ |
| (8) | કોઈ પણ સ્વર લંબાવવા માટે આડી<br>લીટી કરવામાં આવે છે. દા.ત. ગ--મ | કોઈ પણ સ્વર લંબાવવા માટે અવગ્રહ<br>કરવામાં આવે છે દા.ત. ગઽઽમ |
| (9) | એક માત્રામાં એકથી વધારે સ્વરો હોય<br>તો સ્વરોની નીચે અર્ધ—ચંદ્રાકાર કરી<br>બધા જ સ્વર તેમાં આવરી લેવામાં આવે<br>છે. દા.ત. સારેગમ સ્વરોની<br>વચ્ચે * ફૂલનું ચિહ્ન હોય તો એક માત્રા<br>ચૂપ રહેવું. અર્ધવિરામ (,) રોકાવું | જ્યારે આ પદ્ધતિમાં એક અને એકથી<br>વધારે માત્રાઓને અલગ અલગ<br>રીતે લખાય છે. |
| (10) | એક માત્રા માટે કોઈ ચિહ્ન નથી | એક માત્રાને આ રીતે લખાય છે,<br>નીચે આડી લીટી કરવામાં આવે છે<br>એટલે એક માત્રા દા.ત. સા રે |
| (11) | 1/2 માત્રા– સા રે આ રીતે અર્ધચંદ્રાકાર<br>કરીને લખાય છે. | 1/2 માત્રા– સા રે આ રીતે લખાય છે.<br>0 0 |
| (12) | 1/3 માત્રા– સા રે ગ આ રીતે અર્ધચંદ્રાકાર<br>કરીને લખાય છે. | 1/3 માત્રા– સા રે ગ આ રીતે લખાય છે.<br>~ ~ ~ |
| (13) | 1/4 માત્રા માટે અર્ધચંદ્રાકાર કરાય છે.<br>સારેગમ આ રીતે લખાય છે. | 1/4 માત્રા માટે સારેગમ આ રીતે લખાય છે. |
| (14) | 1/6 માત્રા માટે અર્ધચંદ્રાકાર કરાય છે.<br>સારેગમપધ આ રીતે લખાય છે. | 1/6 માત્રા માટે સારેગપધ આ રીતે લખાય છે.<br>≈≈≈≈≈≈ |
| (15) | 1/8 માત્રા માટેનું ચિહ્ન<br>સારેગમપધનીસાં | 1/8 માત્રા માટે આ રીતે લખાય છે.<br>સારેગમપધનીસાં |

•

# અભ્યાસક્રમ મુજબ વાદ્યસંગીતમાં આવતાં વાદ્યોનો ચિત્રાંકન



દિલરૂબા



વાયોલિન



બંસરી



હાર્મોનિયમ



હવાઈન ગિટાર



સિતાર



સરોદ



મેન્ડોલિન



સ્પેનિશ ગિટાર

•

# 3 તાલજ્ઞાન

**પ્રસ્તાવના**

આ એકમમાં તાલ માટે બે વિભાગ દર્શાવવામાં આવ્યા છે, એમાં (અ) વિભાગમાં એકતાલ, તેવરા, ઝુમરા તાલોની સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે. તેમજ દરેક તાલનો ઉપયોગ કઈ લયમાં અને કઈ ગાયકીમાં કરવામાં આવે છે તે બતાવવામાં આવ્યું છે. જ્યારે (બ) વિભાગમાં ચૌતાલ, ત્રિતાલ, એકતાલ, દાદરા તાલોને દુગુન લયમાં કેવી રીતે બોલી શકાય તે વિશે માહિતી આપી છે જેથી તાલની ઠાય લયને કાયમ રાખી દુગુન લયમાં બોલવાનો અભ્યાસ થશે.

## (અ) તાલની સંપૂર્ણ માહિતી

**1. તાલ - વિલંબિત એકતાલ** **માત્રા–12** **ખંડ–6 (2 માત્રાના)**

તાલી સંખ્યા – 4 તાલીની માત્રા (1–5–9–11 માત્રા પર)

ખાલી સંખ્યા – 2 ખાલીની માત્રા (3–7– માત્રા પર)

જાતિ - ચતુસ્ર બાજ - બંધબાજ

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધીં | ધીં | ધાગે | તિરકિટ | તૂં | ના | ક | ત્તા | ધાગે | તિરકિટ | ધીં | ના | ધીં |
| ચિહ્ન | X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**તાલ - એકતાલ**

- **તાલ - એકતાલ** **દ્રુત એકતાલ (માત્રા–12),** **ખંડ–6 (2 માત્રાના)**

તાલી સંખ્યા – 4 તાલીની માત્રા (1–5–9–11 માત્રા પર)

ખાલી સંખ્યા – 2 ખાલીની માત્રા (3–7 માત્રા પર)

જાતિ–ચતુસ્ર બાજ–બંધબાજ–આ તાલ મધ્યલયમાં વપરાય છે.

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધીં | ધીં | ધા | ત્રક | તૂં | ના | ક | ત્તા | ધા | ત્રક | ધીં | ના | ધીં |
| ચિહ્ન | X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**2. તાલ–તેવરા** **માત્રા–7**

ખંડ – 3 (3–2–2 માત્રાના), જાતિ–તિસ્ર

તાલી સંખ્યા–3 તાલીની માત્રા (1–4–6 માત્રા પર), ખાલીની સંખ્યા–નથી

જાતિ - તિસ્ર બાજ - ખુલ્લો બાજ

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધા | દિં | તા | કિટ | તક | ગદી | ગન | ધા |
| ચિહ્ન | X | | | 2 | | 3 | | X |

3. તાલ–ઝુમરા માત્રા–14, ખંડ–4 (3–4–3–4 માત્રાના)

તાલી સંખ્યા–3 તાલીની માત્રા (1–4–11 માત્રા પર) – જાતિ–તિસ્ર

ખાલી સંખ્યા–1 ખાલીની માત્રા (8 માત્રા પર) બાજ–બંધ

જાતિ - તિસ્ર બાજ - બંધબાજ

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધીં | ધા | તિરકિટ | ધીં | ધીં | ધાગે | તિરકિટ | તીં | તા | તિરકિટ | ધીં | ધીં | ધાગે | તિરકિટ |
| ચિહ્ન | X | | | 2 | | | | 0 | | | 3 | | | |

# (બ) તાલનો દુગુન લય

(1) ચૌતાલ માત્રા–12, ખંડ–6 (2 માત્રાના) ખુલ્લો બાજ–ચતુસ્ર જાતિ

તાલી સંખ્યા–4 તાલીની માત્રા (1–5–9–11 માત્રા પર)

ખાલી સંખ્યા–2 ખાલીની માત્રા (3–7 માત્રા પર)

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
| | ધા | ધા | દીં | તા | કિટ | ધા | દીં | તા | કિટ | તક | ગદી | ગન | ધા |
| | X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |
| દુગુન | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 11 12 | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 11 12 | 1 |
| | ધાધા | દીંતા | કિટધા | દીંતા | કિટતક | ગદીગન | ધાધા | દીંતા | કિટધા | દીંતા | કિટતક | ગદીગન | ધા |
| | X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

(2) ત્રિતાલ માત્રા–16, ખંડ–4 4–4 માત્રાના)

તાલી સંખ્યા–3 (1–5–13 માત્રા પર) ખાલી સંખ્યા–1 ખાલીની માત્રા–9

જાતિ -ચતુસ્ર બાજ - બંધબાજ

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 14 | 16 | 1 |
| | ધા | ધીં | ધીં | ધા | ધા | ધીં | ધીં | ધા | ધા | તીં | તીં | તા | તા | ધીં | ધીં | ધા | ધા |
| | X | | | | 2 | | | | 0 | | | | 3 | | | | X |
| દુગુન | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 11 12 | 13 14 | 15 16 | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 11 12 | 13 14 | 15 16 | 1 |
| | ધાધીં | ધીંધા | ધાધીં | ધીંધા | ધાતીં | તીંતા | તાધીં | ધીંધા | ધાધીં | ધાધીં | ધાધીં | ધીંધા | ધાતીં | તીંતા | તાધીં | ધીંધા | ધા |
| | X | | | | 2 | | | | 0 | | | | 3 | | | | X |

(3) એકતાલ માત્રા–12, ખંડ–6 (2માત્રાના)

તાલી સંખ્યા–4 (1–5–9–11 માત્રા પર) ખાલી–2 (3–7 માત્રા પર)

જાતિ - ચતુસ્ર બાજ - બંધબાજ

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
| | ધીં | ધીં | ધા | ત્રક | તૂં | ના | ક | ત્તા | ધા | ત્રક | ધીં | ના | ધીં |
| | X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |
| દુગુન | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 11 12 | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 11 12 | 1 |
| | ધીંધીં | ધાત્રક | તૂંના | કત્તા | ધાત્રક | ધીંના | ધીંધીં | ધાત્રક | તૂંના | કત્તા | ધાત્રક | ધીંના | ધીં |
| | X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

(4) દાદરા માત્રા–6, ખંડ–2 (3 માત્રાના)

તાલી–1 (1 માત્રા પર) ખાલી–1 (4 માત્રા પર)

જાતિ - તિસ્રા બાજ - બંધબાજ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| | ધા | ધીં | ના | ધા | તીં | ના | ધા |
| | X | | | 0 | | | X |
| દુગુન | 12 | 3 4 | 5 6 | 1 2 | 3 4 | 5 6 | 1 |
| | ધાધીં | નાધા | તીંના | ધાધીં | નાધા | તીંના | ધા |
| | X | | | 0 | | | X |

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(1) તાલ–એકતાલમાં તાલીની સંખ્યા કેટલી અને કઈ કઈ માત્રા પર આવે છે ?

(2) તાલ તેવરાની માત્રા કેટલી ?

(3) તાલ ઝુમરામાં ખાલીની સંખ્યા કેટલી અને કઈ કઈ માત્રા પર આવે છે ?

(4) તાલ તેવરાનો બાજ કયો ?

(5) દુગુન એટલે શું ?

(6) તબલા પર વગાડાતાં તાલના શબ્દોને શું કહે છે ?

**2. જોડકાં બનાવો :**

| અ | બ |
|---|---|
| (1) તેવરા | (1) 6 માત્રા |
| (2) ઝુમરા | (2) 12 માત્રા |
| (3) એકતાલ/ ચૌતાલ | (3) 16 માત્રા |
| (4) દાદરા | (4) 14 માત્રા |
| (5) ત્રિતાલ | (5) 7 માત્રા |

**3. ખાલી જગ્યા પૂરો :**

(1) તાલ તેવરાની માત્રા ............... છે.

(2) તાલ એકતાલના ખંડ ............... છે.

(3) તાલ ત્રિતાલમાં ખાલી ............... માત્રા પર આવે છે.

(4) તાલ દાદરામાં તાલી ............... માત્રા પર આવે છે.

(5) તાલ ચૌતાલ ............... બાજનો તાલ છે.

(6) 14 માત્રાવાળો તાલ ............... છે.

•

| 4 | ગીતપ્રકારો |
|---|---|

**પ્રસ્તાવના**

ગરવી ગુજરાતની ધરા પર અનેક શ્રેષ્ઠ કવિઓએ જન્મ લઈ અનેક ઉત્કૃષ્ટ કૃતિઓનું સર્જન કર્યું છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે વિદ્યારૂપ સેતુ બાંધી ગુજરાતી ભાષાની રચનાઓનું સ્વરાંકન કરી ભાષાને ઉન્નત શિખરે પહોંચાડવાનું કાર્ય કર્યું છે.

વિદ્યાર્થી શાળા કક્ષાએ પોતાના શિક્ષણકાળ દરમિયાન ઉત્કૃષ્ટ કવિઓ દ્વારા રચિત ઋતુગીત, પ્રકૃતિગીત, દેશભક્તિગીત, કથાગીત, કાવ્યગીત, ગરબીનું શ્રવણ કે શિક્ષણ પ્રાપ્ત કરી પોતાની સુષુપ્ત શક્તિઓને ખીલવવા પ્રયત્નશીલ રહે છે.

વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્તશક્તિને યોગ્ય દિશા મળી રહે તેવા ગીતોને પ્રગટ કરવાનો આ એકમનો હેતુ છે.

---

## મંગલમ્

નાહં વસામિ વૈકુણ્ઠે યોગીનાં હૃદયે ન ચ ।
મદ્‌ભક્તા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ ॥1॥

ૐ સહ નાવવતુ । સહ નૌ ભુનક્તુ । સહવીર્યં
કરવાવહૈ । તેજસ્વિનાવધીતમસ્તુ । મા વિદ્વિષાવહૈ
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ । ॥2॥

ૐ કારં બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐ કારાય નમો નમઃ ॥3॥

(ભાવાનુવાદ)

(1) ઈશ્વર કહે છે– હે નારદ ! હું નથી વૈકુંઠમાં રહેતો કે નથી યોગીઓના હૃદયમાં. હું તો જ્યાં મારા ભક્તો ગુણગાન કરે છે ત્યાં જ રહું છું.

(2) અમારા બંનેનું સાથે રક્ષણ કરો. અમે બંને સાથે ભોગવીએ. અમે બંને સાથે પરાક્રમ કરીએ. અમારા બંનેનો અભ્યાસ તેજસ્વી બનો. અમે બંને (ક્યારેય પરસ્પર) દ્વેષ ન કરીએ.

(3) જેને 'ૐ' કાર બિન્દુ સંયુક્ત છે. યોગીજનો જેનું નિત્ય ધ્યાન ધરે છે. જે ઇચ્છાપૂર્ણ કરનાર છે. જે મોક્ષ આપનાર છે. તે ૐ કારયુક્ત સંજ્ઞાને નમન કરું છું.

•

## સરસ્વતી વંદના

યા કુન્દેન્દુતુષારહારધવલા
યા શુભ્રવસ્ત્રાવૃતા
યા વીણાવરદણ્ડમણ્ડિતકરા
યા શ્વેતપદ્માસના ।
યા બ્રહ્માડચ્યુતશંકરઃ પ્રભુતિભિર્
દેવૈઃ સદા વન્દિતા
સા માં પાતુ સરસ્વતી ભગવતી
નિઃશેષ જાડ્યાપહા ॥

પૂર્ણ ચંદ્ર સમી કાંતિ, દૂધ શાં વસ્ત્ર ઊજળાં,
હાથમાં શોભતી વીણા, આસન શ્વેત પદ્મનાં.
બ્રહ્મા–વિષ્ણુ–મહેશાદિ દેવોય કરતા સ્તુતિ,
દેવી સરસ્વતી વંદુ, વિદ્યા વાણીપ્રદાયિની

•

## ગુરુવંદના

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુર્સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥1॥
અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાઽજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥2॥

1. ગુરુ જ બ્રહ્મા છે. ગુરુ જ વિષ્ણુ છે. ગુરુ જ મહાદેવ છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. તે શ્રીગુરુને હું નમસ્કાર કરું છું.
2. અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલા મનુષ્યના ચક્ષુ જ્ઞાનરૂપી અંજનની સળી વડે જેમણે ખોલી આપ્યા તે સદ્‌ગુરુને નમસ્કાર હો.

•

## વિષ્ણુસ્તુતિ

શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં ।
વિશ્વાધારં ગગનસદશં મેઘવર્ણમ્ શુભાંગમ્ ॥
લક્ષ્મીકાન્તમ્ કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યમ્ ।
વંદે વિષ્ણુ ભવભયહરં સર્વ લોકૈક નાથમ્ ॥

•

## પ્રાર્થના

અંતર મમ વિકસિત કરો અંતરતર હે !
નિર્મલ કરો, ઉજ્જ્વલ કરો, સુંદર કરો હે...અંતર...

1. જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,
મંગલ કરો, નિરલસ નિઃસંશય કરો હે...અંતર...
2. યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ,
સંચાર કરો સકલ કર્મે, શાંત તોમાર છંદ...અંતર..
3. ચરણ–પદ્મે મમ ચિત્ત નિષ્પંદિત કરો હે,
નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે, અંતર...

**– રવીન્દ્રનાથ ટાગોર**

•

## : પ્રાર્થના :

## તેરી આરાધના

તેરી આરાધના કરું (2)
પાપ ક્ષમા કર જીવન દે દે,
દયા કી યાચના કરું. .....તેરી આરાધના કરું.

1. તુ હી મહાન સર્વ શક્તિમાન,
તુ હી હૈ મેરે જીવન કા સંગીત.
હૃદય કે તાર છેડે ઝનકાર,
તેરી આરાધના હૈ મધુર ગીત.
જીવનસે મેરે તુ મહિમા પાયે,
એક હી યાચના કરું.
પાપ ક્ષમા કર જીવન દે દે,
દયા કી યાચના કરું .......તેરી આરાધના કરું.

2. સૃષ્ટિ કે હર એક કણમેં,
છાયા હૈ તેરી હી મહિમા કા રાગ.
પક્ષી ભી કરતે હૈં તેરી પ્રશંસા,
હર પલ સુનાતે હૈં આનંદ કા રાગ.
તેરી હી ભક્તિ મુજે ગ્રહણ હો,
એક હી યાચના કરું,
પાપ ક્ષમા કર જીવન દે દે,
દયા કી યાચના કરું. .....તેરી આરાધના કરું.

•

## કાવ્ય

### હે મન ! હે મન !

હે મન ! હે મન ! નિત નિત ગાતા રહીએ...(2)
નિત નિત નૃત્યત કરીએ...હે મન હે મન

1. આંખ મીંચીને એકરૂપ થઈ હરિનામ લઈએ...(2)
હૃદયે આનંદે ગીત પરમનાં...(2) નિત નિત ગાતા રહીએ,
હે મન નિત આનંદે રહીએ...હે મન હે મન...

2. આનંદરૂપ છે કૃષ્ણનામ એ, શ્યામનામ લઈ લઈએ...(2)
મન રોમાંચિત ગીત અમૂલાં...(2) નિત નિત ગાતા રહીએ ,
હે મન નિત હસતા રહીએ હે મન હે મન...

3. સ્મિતનો સાગર, હરિકૃપા છે...(2) નિત નિત દેતા રહીએ ,
પરમસુખ આ પ્રેમની ગંગા...(2) નિત નિત ખોબો ધરીએ.

અંતર તમ આનંદ વિભોરે...2 નિત નિત ગાતા રહીએ
હે મન નિત સત્સંગે રહીએ
નિત નિત નૃત્યત રહીએ...હે મન હે મન...(2)

**– કવિ - રમેશ પટેલ 'પ્રેમોર્મિ'**

•

# સ્તુતિ

**શ્રીરામચંદ્ર**

શ્રીરામચંદ્ર કૃપાલુ ભજમન હરણ ભવભય દારુણમ્
નવકંજ લોચન કંજ મુખ કર કંજ પદકંજારુણમ્

1. કંદર્પ અગણિત અમિતછબી નવ નીલ નીરજ સુન્દરમ્,
પટપીત માનહું તડિત રુચિ શુચિ નૌમી જનક સુતાવરમ્.

2. શિર મુકુટ કુંડલ તિલક ચારુ ઉદાર અંગ વિભૂષણમ્,
આજાનુ ભુજ શર ચાપધર સંગ્રામ જીત ખરદૂષણમ્,

3. ભજ દીનબંધુ દિનેશ દાનવ દૈત્યવંશ નિકંદનમ્,
રઘુનંદ આનંદ કંદ કૌશલચંદ દશરથનંદનમ્.

4. ઇતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિ મન રંજનમ્,
મમ હૃદય કુંજ નિવાસ કુરુ કામાદિ ખલદલ ગંજનમ્.

**– સંત કવિ - તુલસીદાસ**

•

# ભક્તિગીત

**રામ ને સમરી લે**

રામને સમરી લે, પ્રભુને ભજી લે
કોણ જાણે પલ કી, હે રામ...
ખબર નહીં પલ કી, હે મૂરખ, બાત કરે કલ કી.
રામને ભજી લે.

1. સરોવર દેખી આયા એક હંસલા,
પ્યાસ લગી જલ કી,
સુકાઈ ગયું સરોવર, ઊડી ગયો હંસલો,
પ્યાસ રહી જલ કી હે રામ,
ખબર નહીં પલ કી હે મૂરખ બાત કરે કલ કી.
રામને ભજી લે.

2. પાંચ તત્ત્વકા બનાયા પિંજરા,
માટી જંગલ કી,
ધન દૌલત તારું આવે ને જાવે,
છાયા બાદલ કી, હે રામ,
ખબર નહીં પલ કી હે મૂરખ બાત કરે કલ કી.
રામને ભજી લે.

3. મહેલ ને માળિયા, મેડી ને મેહલાત,
માયા મતલબ કી,
ભાઈ–ભત્રીજા તેરા, કુટુંબકબીલા,
સગાઈ સ્વાર્થ કી હે રામ,
ખબર નહીં પલ કી હે મૂરખ બાત કરે કલ કી.
રામને ભજી લે.

4. ભાવ કરીને 'ભણે નરસૈંયો'
આશા દરશન કી,
એકવાર દરશન દ્યોને મુરારી,
આશા અંતર કી હે રામ,
ખબર નહીં પલ કી હે મૂરખ બાત કરે કલ કી.
રામને ભજી લે.

**– નરસિંહ મહેતા**

•

## ભક્તિગીત

### આત્માને ઓળખ્યા વિના રે

આત્માને ઓળખ્યા વિના રે,
લખ ચોરાસી નહીં રે મટે હો જી,
ભ્રમણાંને ભાંગ્યા વિના રે, ભવના ફેરા નહીં રે ટળે હો જી...આત્માને

1. કોયલડી ને કાગ રે, રંગે રૂપે એક છે હો જી,
ઈ તો એની વાણી થકી ઓળખાય રે,
લખ ચોરાસી નહીં રે મટે હો જી ...આત્માને

2. હંસલો ને બગલો રે, રંગે રૂપે એક છે હો જી,
ઈ તો એના આહાર થકી ઓળખાય રે....
લખ ચોરાસી નહીં રે મટે હો જી ...આત્માને

3. સતી અને ગણિકા રે, રંગે રૂપે એક છે હો જી,
ઈ તો એની સેવા થકી ઓળખાય રે,
લખ ચોરાસી નહીં રે મટે હો જી ...આત્માને

4. ગુરુના પ્રતાપે રે, બાઈ મીરાં બોલીયા હો જી,
દેજો અમને સંત ચરણમાં વાસ રે,
લખ ચોરાસી નહીં રે મટે હો જી ...આત્માને

**– મીરાંબાઈ**

•

## કાવ્યગાન

### ઓધાજી

ઓધાજી વ્હાલાને વઢીને કહેજો
ઓધાજી આજ મારા વ્હાલાને વઢીને કહેજો
માને તો મનાવી લેજો રે...મારા વ્હાલાને

1. મથુરાના રાજા થ્યા છો, ગોવાળોને ભૂલી ગ્યા છો રે,
માનીતિને મૉલે ગ્યા છો રે... (આજ મારા વ્હાલાને)
2. એક વાર ગોકુળ આવો, માતાજીને મોઢે થાઓ
ગાયોને સંભાળી જાઓ રે... (આજ મારા વ્હાલાને)
3. વ્હાલાની મરજીમાં રે'શું, જે જોઈએ તે લાવી દેશું
કુબ્જાને પટરાણી કહેશું રે... (આજ મારા વ્હાલાને)
4. તમે છો ભક્તોના તારણ, એવી અમને હૈયાધારણ રે,
ગુણ ગાય ભગો ચારણ રે ... (આજ મારા વ્હાલાને.)

•

## ગીત

### ફૂલ કહે ભમરાને

ફૂલ કહે ભમરાને, ભમરો વાત કહે ગુંજનમાં :
માધવ ક્યાંય નથી મધુવનમાં...

1. કાલિંદીનાં જલ પર ઝૂકી, પૂછે કદંમડાળી;
યાદ તને બેસી અહીં વેણુ, વાતા'તા વનમાળી ?
લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પંદનમાં :
માધવ...

2. કોઈ ન માગે દાણ કોઈની, આણ ન વાટે ફરતી,
હવે કોઈ લજ્જાથી હસતાં, રાવ કદી ક્યાં કરતી !
નંદ કહે જશુમતીને, માતા લાલ ઝરે લોચનમાં :
માધવ...

3. શિર પર ગોરસ મટુકી, મારી વાટ ન કેમે ખૂટી;
અબ લગ કંકર એક ન લાગ્યો, ગયાં ભાગ્ય મુજ ફૂટી.
કાળજ કહે આંખોને, આંખો, વાત કહે અંસુઅનમાં : માધવ...

**– હરીન્દ્ર દવે**

•

## ગીત

### તમે યાદ આવ્યાં

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં... (2)
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો, રા..મ
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં...

1. ક્યાંક પંખી ટહુક્યું ને તમે યાદ આવ્યાં... (2)
જાણે શ્રાવણના આભમાં ઉઘાડ થયો, રા..મ
એક તારો ટમક્યો ને તમે યાદ આવ્યા... (3)

2. જરા ગાગર છલકી ને તમે યાદ આવ્યાં... (2)
જાણે કાંઠા તોડે છે, મ્હેરામણ હો, રા..મ
સહેજ ચાંદની છલકી ને તમે યાદ આવ્યાં.... (3)

3. કોઈ ઠાલું મલક્યું ને તમે યાદ આવ્યાં... (2)
જાણે કાનુડાના મુખમાં બ્રહ્માંડ દીઠું, રા..મ
કોઈ આંખે વળગ્યું ને તમે યાદ આવ્યાં... (3)

4. કોઈ આંગણ અટક્યું ને તમે યાદ આવ્યાં... (2)
જાણે પગરવની દુનિયામાં શોર થયો, રા..મ
એક પગલું ઊપડ્યું ને તમે યાદ આવ્યાં... (3)

**– હરીન્દ્ર દવે**

•

## કથાગીત

### ધૂળિયે મારગ

કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધું રાંક ?
કાં ભૂલી જા મન રે ભોળા ! આપણા જુદા આંક.
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તો શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?
ઉપરવાળી બેંક બેઠી છે આપણી માલંમાલ,

આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.
ધૂળિયે મારગ કૈંક મળે જો, આપણા જેવો સાથ,
સુખ દુઃખોની વારતા કે'તા બાથમાં ભીડી બાથ.
ખુલ્લા ખેતર અડખેપડખે, માથે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું, ક્યાં આવો છે લાભ ?
સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત;
દોઢિયા માટે દોડતાં એમાં જીવતાં જોને, પ્રેત !
માનવી ભાળી અમથું—અમથું આપણું ફોરે વહાલ;
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ !

— મકરન્દ દવે

•

## કથાગીત

### ભિખારણનું ગીત

ભિખારણ ગીત મઝાનું ગાય,
આંખે ઝળઝળિયાં આવે ને અમૃત કાનોમાં રેડાય,
ભિખારણ ગીત મઝાનું ગાય.
'મારા પરભુ મને મંગાવી આપજે, સોના—રૂપાનાં બેડલાં,
સાથ સૈયર હું તો પાણીએ જાઉં, ઊડે આભે સાળુના છેડલા.'
એના કરમાંહે છે માત્ર,
ભાંગ્યું—તૂટ્યું ભિક્ષાપાત્ર.
એને અંતર બળતી લા'ય;
ઊંડી આંખોમાં દેખાય.
એને કંઠે રમતું ગાણું, એને હૈયે દમતી હાય,
ભિખારણ ગીત મઝાનું ગાય.
'મારા પરભુ મને મંગાવી આપજે અતલસ અંબરનાં ચીર,
પે'રી—ઓઢીને મારે ના'વા જવું છે ગંગા—જમનાને તીર.
એના કમખે સો સો લીરા,
માથે ઊડતા ઓઢણ—ચીરા.
એની લળતી ઢળતી કાય;
કેમે ઢાંકી ના ઢંકાય.
ગાતી ઊંચે ઊંચે સાદે ત્યારે ઘાંટો બેસી જાય.
ભિખારણ ગીત મઝાનું ગાય.
'શરદપૂનમનો ચાંદો પરભુ મારે અંબોડે ગૂંથી તું આપ,
મારે કપાળે ઓલી લાલ લાલ આડશ ઉષાની થાપી તું આપ.'

— ગની દહીંવાલા

•

## કાવ્ય

### વાંસલડી ડૉટ કોમ

વાંસલડી ડૉટ કોમ, મોરપિચ્છ ડૉટ કોમ, ડૉટ કોમ વૃંદાવન આખું,
કાનજીની વેબસાઇટ એટલી વિશાળ છે કે કયા કયા નામ એમાં રાખું ?

1. ધારો કે મીરાંબાઈ ડૉટ કોમ રાખીએ તો રાધા રિસાય એનું શું ?
વિરહી ગોપીનું ગીત ઍન્ટર કરીએ ને ક્યાંક ફ્લોપી ભીંજાય એનું શું ?
પ્રેમની આ ડિસ્કમાં તો એવી એવી વાનગી કે કોને છોડું ને કોને ચાખું ?

કાનજીની વેબસાઇટ..

2. ગીતાજી ડૉટ કોમ એટલું ઉકેલવામાં ઊકલી ગઈ પંડિતની જાત
જાત બળી જાય છતાં ખ્યાલ ના રહે એ જ માણે આ પૂનમની રાત
તુલસી, કબીર, સુર, નરસૈંયો થઈએ તો ઊકલે છે કંઈક ઝાંખું ઝાંખું.

કાનજીની વેબસાઇટ..

3. એ જ ફક્ત પાસવર્ડ મોકલી શકે છે જેના સ્ક્રીન ઉપર નાચે છે શ્યામ.
એને શું વાઇરસ ભૂંસી શકવાના જેના ચીર પૂરી આપે ઘનશ્યામ ?
ઇન્ટરનેટ ઉપર એ થનગનતો આવે, હું કોઈ દિવસ વિન્ડો ના વાખું.

કાનજીની વેબસાઇટ..

**— કૃષ્ણ દવે**

•

## કાવ્ય

### હે જી તાર વીણાના વાગે રે

હે જી તાર વીણાના વાગે રે,
મારા અંતરમાં કોઈ જાગે રે...
ખળખળ વહેતાં ઝરણાં જાણે,
મંજીરા મીરાંનાં વાગે રે......મારાં અંતર

1. ટમ ટમ કરતાં આભના તારા,
કંઈક મુને સમજાવે રે,
આગિયા નાચે મશાલ લઈને,
જાણે નરસૈંયો નાચે રે....મારા અંતર

2. પરોઢ થઈ ને પંખી ટહુકયાં,
કૂકડાએ બાંગ પુકારી રે,
કોણ જગાડે વહેલા પરોઢે,
સંત કબીરા ગાયે રે.......મારા અંતર

3. માંહ્યલો કહેતો જાગો બાળક,
પ્રભાતફેરી આવી રે,
ગીત સાંભળું વૈષ્ણવજનનું,
ગાંધીબાપુ ગાયે રે.......મારા અંતર.

**– દિનેશ ઓ. શાહ**

•

## ગરબી

### ઉદ્ધવ નંદનો

ઉદ્ધવ નંદનો છોરો તે ન મેરો થયો જો;
મુને એકલી મૂકીને મથુરા ગયો જો. ઉદ્ધવ.
એને મૂકી જાતાં દયા નવ ઊપજી જો;
મુને ભ્રાંતિ પડી છે એના રૂપની જો. ઉદ્ધવ.
કોઈએ કામણ કર્યું કે ફટકાયા ફરે જો;
કેમ દિલ એનું મુજ ઉપર ના ઠરે જો. ઉદ્ધવ.
ઉદ્ધવ સંદેશો કહીને વહેલા આવજો જો;
સાથે દયાના પ્રીતમને તેડી લાવજો જો. ઉદ્ધવ.

**– દયારામ**

•

## ગરબી

### પ્રેમની પીડાને

પ્રેમની પીડા તે કોને કહીએ રે, હો મધુકર, પ્રેમની પીડા તે હો મધુકર.
થાતાં ન જાણી પ્રીત જાતાં પ્રાણ જાયે,
હાથનાં કર્યાં તે વાગ્યાં હઈયેરે, હો મધુકર.
જેને કહીએ તે તો સરવે કહે મૂરખ;
પસ્તાવો પામીને સહી રહીએ રે. હો મધુકર.
ધીખીએ ઢાંક્યાં રાતદિવસ અંતરમાં;
ભૂખ નિદ્રામાં નવ લહિયે રે. હો મધુકર.
હું અહીં દુઃખી ને વહાલો સુખમાંહે માહાલે;
પણ સમોવડ્ય કાંઈ ટહાડાં થઈએ રે. હો મધુકર.
દાઝ્યા ઉપર લૂણ દીધું એ દામોદરે; હો મધુકર.
પેલી સોકલડી સુણીને કાળજ દહિયે રે. હો મધુકર.
અબળાનો અવતાર તે પરાધીન;
રંક કલ્પીયે પણ કહાં જઈએ રે. હો મધુકર.

સ્નેહનો દઝાડો ઘણો મરણ થકી માઠો;
શું કરીએ વાઢ્યાં તેને વહિયે રે. હો મધુકર.
દયાપ્રભુ આવે તો તો સદા સુખ થાયે;
મુને દુઃખ દીધું એ નંદજીને છૈયે રે. હો મધુકર.

— દયારામ

•

## ગરબી

### મુજમાં શું દીઠું !

હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું !
વારે વારે સામું ભાળે મુખ લાગે મીઠું.
હું શું જાણું જે.

1. જળ ભરવા જાઉં ત્યારે પૂંઠે પૂંઠે આવે !
વગર બોલાવ્યો વહાલો બેડલું ચઢાવે.
હું શું જાણું જે.

2. વઢું ને તરછોડું તો યે રીસ ન લાવે !
કંઈ કંઈ મશે ઘેર આવીને બોલાવે.
હું શું જાણું જે.

3. દૂર થકી દેખી મને દોડ્યો દોટે આવે,
પોતાની માળા કહાડી, પહેરાવે નાખે મારી કોટે.
હું શું જાણું જે.

4. મને એકલડી દેખે ત્યા મુને પાવલે રે લાગે,
રંક થઈ કાંઈ કાંઈ મારી પાસ માગે.
હું શું જાણું જે.

5. મને જ્યાં જ્યાં જતી જાણે ત્યાં એ આડો આવી ઢૂંકે
બેની દયાનો પ્રીતમ મારી કેડ ન મૂકે !
હું શું જાણું જે.

— દયારામ

•

## ગરબી

### સોના ઈંઢોણી

સોના ઈંઢોણી રૂપા બેડલું રે,

નાગર ઊભા રહો રંગરસિયા.

પાણીડાં ગઈ'તી તળાવ રે,

નાગર ઊભા રહો રંગરસિયા.

કાંઠે તે કા'ન ઘોડા ખેલવે રે,

નાગર ઊભા રહો રંગરસિયા.

કા'ન મુને ઘડૂલો ચડાવ રે,

નાગર ઊભા રહો રંગરસિયા.

તું છે ગોવાલણી નાર રે,

નાગર ઊભા રહો રંગરસિયા.

કેડ મરડીને ઘડો મેં ભર્યો રે,

નાગર ઊભા રહો રંગરસિયા.

ફાટી મારા સાળુડાની કોર રે,

નાગર ઊભા રહો રંગરસિયા.

ઓ રે દરજીડા વીરા વીનવું રે,

નાગર ઊભા રહો રંગરસિયા.

ટાંક મારા સાળુડાની કોર રે,

નાગર ઊભા રહો રંગરસિયા.

કેડે કેડે તે ઘમ્મર ઘુઘરી રે,

નાગર ઊભા રહો રંગરસિયા.

વનમાં ટહુકે છે ઝીણા મોર રે,

નાગર ઊભા રહો રંગરસિયા.

•

# કથાગીત

## સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે !

### સુદામાચરિત્ર

સૂતા સેજ્યાએ અવિનાશ રે,     આઠ પટરાણી છે પાસ રે;
રુક્મિણી તળાંસે પાય રે,     શ્રીવૃંદા ઢોળે વાય રે. 1
ધર્યું દર્પણ ભદ્રાવતી નારી રે,     જાંબુવતીએ ગ્રહી જલધારી રે;
યક્ષકર્દમ સત્યા સેવે રે,     કાલિંદી તે અગર ઉખેવે રે. 2
સ્ત્રીને કહેતા ગયા ભગવાન રેઃ     'પૂજાથાળ કરો સાવધાન રે;
આ હું ભોગવું રાજ્યાસન રે,     તે તો એ બ્રાહ્મણનું પૂન્ય રે. 17
જે નમશે એના ચરણ ઝાલી રે,     તે સહુ—પેં મુજને વહાલી રે;'
તવ સ્ત્રી સહુ પાછી ફરતી રે,     સામગ્રી પૂજાની કરતી રે, 18
કહે માંહોમાંહે વળી : 'બાઈ રે !     કેવા હશે કૃષ્ણજીના ભાઈ રે ?
જેને હશે શામળિયા શું સ્નેહ રે,     હશે કંદર્પ કોટિ તેની દેહ રે.' 19
લેઈ પૂજાના ઉપહાર રે,     ઊભી રહી છે સોળ હજાર રે :
'બાઈ લોચનનું સુખ લીજે રે,     આજ દિયરનું દર્શન કીજે રે.' 20
શુક્જી કહે : સાંભળ રાય રે !     શામળિયોજી મળવાને જાય રે;
છબીલોજી છૂટી ચાલે રે,     મૂકી દોટ તે દીનદયાળે રે. 21
સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે,     છૂટ્યાં આંસુ શ્રાવણનેવ રે;
જુએ કૌતુક ચારે વર્ણ રે :     ક્યાં આ વિપ્ર ને ક્યાં અશરણાશર્ણ રે ! 22
જુએ દેવ વિમાને ચડિયા રે,     પ્રભુજી ઋષિને પાયે પડિયા રે.
હરિ ઉઠાડ્યા ગ્રહી હાથે રે,     ઋષિજી લીધા હૈડા સાથે રે. 23
ભુજબંધન વાંસા પૂંઠે રે,     પ્રેમ—આલિંગન નવ છૂટે રે.
પછે મુખ અન્યોઅન્ય જુએ રે,     હરિનાં આંસુ ઋષિજી લુહે રે, 24
તુંબીપાત્ર ઉલાળી લીધું રે,     દાસત્વ દયાળજીએ કીધું રેઃ
'તમે પાવન કીધું આ ગામ રે,     હવે પવિત્ર કરો મમ ધામ રે.' 25
જોઈ હાસ કરે સહુ નારી રે :     'આ શી રૂડી મિત્રાચારી રે !'
ઘણું વાંકાબોલી સત્યભામા રે :     'આ શા ફૂટડા મિત્ર સુદામા રે ! 26
હરિ આને ઊઠી શું ધાયા રે ?     ભલી નાનપણાની માયા રે !
ભલી જોવા સરખી જોડી રે,     હરિને સોંધો, આને રાખોડી રે ! 27
જો બાળક બહાર નીસરશે રે,     તો તો જોઈ કાકાને છળશે રે.'
તવ બોલ્યાં રુક્મિણી રાણી રેઃ     'તમે બોલો છો શું જાણી રે ?' 28

**વલણ**

શું બોલો છો વિસ્મે થઈ ?     હરિભક્તને ઓળખો નહીં.'
બેસાડ્યા મિત્રને શય્યા ઉપર,     ઢોળે વાય હરિ ઊભા રહી. 29

**— પ્રેમાનંદ**

## કથાગીત

### નરસિંહ મહેતાની હુંડી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે શામળા ગિરધારી,
પ્રભુ એક તારો આધાર રે શામળા ગિરધારી,
પ્રહ્લાદની પત રાખવા ધર્યું નરસિંહ રૂપ
સ્થંભ થકી વહાલો પ્રગટિયા, વહાલે માર્યો હરિણાકંશ ભૂપ રે... શામળા.
નીંભાડામાંથી બળતાં ઉગાર્યાં, બિલાડી કેરાં બાળ,
ટીંટોડીના વહાલે ઈંડાં ઉગાર્યાં, હરિ હેતે થયા રખવાળ રે... શામળા.
વાણિયાને વિમાસણ કરીને કર્યો માટીનો ગાર
ખાંડણિયામાં નાખી ખાંડિયો, મરજી પ્રમાણે મહારાજ... શામળા.
રાણાજીને કાગળ મોકલ્યો, મીરાં કારણ મહારાજ
ઝેર ઘોળી મોકલ્યાં તમે ઝેરનાં છો મારણહાર રે... શામળા.
ગંગેળ કેરે કારણે રે ચક્કર ધરિયું હાથ,
સુધન્વાને કારણે રે તમે તેલમાં થયા તત્કાળ રે... શામળા.
શીકે રાજાની માટી છાલે તોળાવી ખાલી કર્યું શરીર
ધર્મ કે કારણે તમે ડોલવા કારણ મહારાજ રે... શામળા.
સાડા ત્રણસો ખોરડા નાગરના જૂનાગઢ મોજાર
તેમાં નથી મારે નોતરું મને નાતે દીધો તિરસ્કાર રે... શામળા.
આ ઝૂંપડી તારા સેવકની જમવા નથી જાર,
બેટાબેટી વળાવિયા, હવે વળાવી ઘરની નાર રે... શામળા.
ગરથ તો મારું ગોપીચંદન વળી તુલસીહેમનો હાર
સાચું ઘરેણું મારો શામળો મારે દોલત છે ઝાંઝપખાજ રે... શામળા.
હું નથી મોટો લખપતિ, હું નથી શેઠ શાહુકાર
નરસિંહ મહેતાની વિનંતી રે, હું નાગરમાં છું કંગાલ રે... શામળા.
શેઠ દ્વારકાપુરી વસે, શામળશા જેનું નામ
હૂંડી લેજો હાથ કર જોડી, પછી બીજું મારે કામ રે... શામળા.
તીરથવાસી ગામમાં ફરે, પૂછે નામ ને ઠામ
ગલીએ ગલીએ ફરી વળ્યા, અહીં નથી શામળશાનું નામ... શામળા.
ધુતારે ધૂર્તવિદ્યા કરી અમને કહેતું હતું આખું ગામ
ઠગારે કરી ઠેકડી રે મળ્યાં પૂર્વજન્મનાં પાપ રે... શામળા.
તીરથવાસી ગામમાં ફરી નીકળ્યા ઝાંપા બહાર,
ત્યારે વા'લે વણિકનું રૂપ લીધું વા'લો તૈયાર થયા તત્કાળ રે... શામળા.
કાને કુંડળ ઝળહળે એના તેજ તણો નહિ પાર
બાંહે બાજુબંધ બેરખા, હરિને હૈયે છે હેમનો હાર રે... શામળા.

હૂંડી લાવો મારા હાથમાં શામળશા મારું નામ
હંમેશાં લખજો હૂંડિયું કે'જો વાણોતર સરખું કામ રે... શામળા
હૂંડી હાથ આપી વાલે પૂરી હૈયાની આશ
નરસિંહ મહેતાના સ્વામી વાલે અખંડ રાખ્યું નામ રે... શામળા
મને કોઈ નથી દરકાર રે શામળા ગિરધારી
મારે શામળા જેવા સરદાર રે શામળા ગિરધારી
તમે શામળિયા લેજો સંભાળ રે શામળા ગિરધારી.

**– નરસિંહ મહેતા**

•

## કથાગીત

### આંધળી માનો કાગળ

અમૃત ભરેલું અંતર જેનું, સાગર જેવડું સત,
પૂનમચંદના પાનિયા આગળ ડોશી લખાવતી ખત.
ગગો એનો મુંબઈ કામે, ગીગુભાઈ નાગજી નામે.
લખ્ય કે, માડી ! પાંચ વરસમાં પહોંચી નથી એક પાઈ,
કાગળની એક ચબરખી પણ, તને મળી નથી, ભાઈ !
સમાચાર સાંભળી તારા, રોવું મારે કેટલા દા'ડા ?
ભાણાનો ભાણિયો લખે છે કે, ગીગો રોજ મને ભેળો થાય,
દન આખો જાય દાડિયું ખેંચવા, રાતે હૉટલમાં ખાય.
નિત–નવાં લૂગડાં પ્હેરે, પાણી જેમ પઈસા વેરે.
હૉટલનું ઝાઝું ખાઈશ મા, રાખજે ખરચી-ખૂટનું માપ,
દવાદારૂના દોકડા આપણે કાઢશું કયાંથી, બાપ !
કાયા તારી રાખજે રૂડી, ગરીબની ઈ જ છે મૂડી.
ખોરડું વેચ્યું ને ખેતર વેચ્યું, કૂબામાં કર્યો છે વાસ,
જારનો રોટલો જડે નહિ તે દી' પીઉં છું એકલી છાશ.
તારે પકવાનનું ભાણું, મારે નિત જારનું ખાણું.
દેખતી તે દી' દળણાં–પાણી કરતી ઠામેઠામ,
આંખ વિનાના આંધળાને હવે કોઈ ન આપે કામ.
તારે ગામ વીજળીદીવા મારે આંહીં અંધારાં પીવાં.
લિખિતંગ તારી આંધળી માના વાંચજે ઝાઝા જુહાર,
એકે રહ્યું નથી અંગનું ઢાંકણ, ખૂટી છે કોઠીએ જાર,
હવે નથી જીવવા આરો, આવ્યો ભીખ માગવા વારો.

**– ઈન્દુલાલ ગાંધી**

•

## દેશભક્તિગીત

### જહાં ડાલ ડાલ પર

જહાં ડાલ ડાલ પર સોને કી ચિડિયાં કરતી હૈ બસેરા,
વો ભારત દેશ હૈ મેરા....(2)
જહાં સત્ય, અહિંસા ઔર ધર્મ કા પગપગ લગતા ડેરા,
વો ભારત દેશ હૈ મેરા...(2)

યહ ધરતી વહ જહાં ઋષિમુનિ, જપતે પ્રભુ નામ કી માલા,
હરિ ૐ....હરિ ૐ...હરિ ૐ...હરિ ૐ....
જહાં હર બાલક એક મોહન હૈ, ઔર રાધા એક એક બાલા...(2)
જહાં સૂરજ સબ સે પહલે આકર, ડાલે અપના ફેરા... (2)
વો ભારત દેશ હૈ મેરા...

— જહાં ડાલ ડાલ પર.

અલબેલોં કી ઈસ ધરતી કે, ત્યૌહાર ભી હૈ અલબેલે,
કહીં દિવાલી કી ઝગમગ હૈ, હોલી કે કહીં મેલે...(2)
જહાં રાગ-રંગ ઔર હસી-ખુશી કા, ચારોં ઔર હૈ ઘેરા...
વો ભારત દેશ હૈ મેરા... (2)

— જહાં ડાલ ડાલ પર.

જહાં આસમાન સે બાતેં કરતે, મંદિર ઔર શિવાલેં,
કિસી નગર મેં કિસી દ્વાર પર, કોઈ ન તાલા ડાલે...(2)
ઔર પ્રેમ કી બંસી જહાં બજાતા આયે શામસવેરા...
વો ભારત દેશ હૈ મેરા... (2)

— જહાં ડાલ ડાલ પર.

— રાજેન્દ્ર કૃષ્ણ

•

## દેશભક્તિગીત

### હમારા દેશ

હિન્દોસ્તાં હૈ દેશ હમારા,
જાનસે અપની હમકો પ્યારા,
હિંદુ—મુસ્લિમ, શીખ, ઈસાઈ,
આપસમેં હૈં ભાઈ—ભાઈ... હિન્દોસ્તાં.

ભાઈકો હો ભાઈ પ્યારા,
ઐસા હોગા ચલન હમારા,
એકકે દુઃખમેં સબ હૈ સાથી,
સબ કી ખુશી મેં સબ હો સાથી,
દેશ કા મિલકર કામ કરેંગે,
જગમેં રોશન નામ કરેંગે... હિન્દોસ્તાં.

•

## દેશભક્તિગીત

### મેરા દેશ મહાન

મેરા દેશ મહાન, મેરા દેશ મહાન
પ્રાણોં સે ભી પ્યારા મુઝ કો, મેરા હિન્દુસ્તાન, મેરા હિન્દુસ્તાન
મેરા દેશ મહાન.

ઈસને મુઝ કો જન્મ દિયા હૈ, ઈસને મુઝ કો પાલા હૈ,
ઈસ કી પૂજા કરતા હૂં મૈં, મેરા યહી શિવાલા હૈ,
અવતારોં કા દેશ યહાં કી, ધરતી સ્વર્ગ સમાન,
ધરતી સ્વર્ગ સમાન, મેરા દેશ મહાન...(2)

ઈસ કે સોને જૈસે દિન હૈં, ચાંદી જૈસી રાતેં હૈં,
શીત ગ્રીષ્મ હૈ સુખદ યહાં કી, મનભાવન બરસાતેં હૈં,
એક તરફ હિમાલા ઊંચા, હોકર પહેરેદાર,
હોકર પહેરેદાર, મેરા દેશ મહાન....(2)

ઈસ કી ખાતિર તનમન અર્પણ કરને કો તૈયાર,
અપને દેશ કા આદર કર મૈં, રખતા હૂં અભિમાન,
મિટ જાકર મૈં સદા રખુંગા, ઊંચા રાષ્ટ્રનિશાન
ઊંચા રાષ્ટ્રનિશાન, મેરા દેશ મહાન....(2)

•

## શૌર્યગીત

### લાગ્યો કસુંબીનો રંગ

હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ (૨)

જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ; ...હો રાજ

બહેનીને કંઠે નીતરતા હાલરડાંમાં ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ ચોળ્યો કસુંબીનો રંગ; ....હો રાજ

દુનિયાના વીરોના લીલાં બલિદાનોમાં ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં મહેક્યો કસુંબીનો રંગ; ... હો રાજ

ભક્તોના તંબુરથી ટપકેલો મસ્તીભર ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી ચૂમ્યો કસુંબીનો રંગ; ... હો રાજ

નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રકતો રેડણહારે પાયો કસુંબીનો રંગ; ... હો રાજ

પીડિતની આંસુડાધારે—હાહાકારે રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિશ્વાસે નિશ્વાસે સળગ્યો કસુંબીનો રંગ; ... હો રાજ

ધરતીના ભૂખ્યાં કંગાલોને ગાલે છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે મલકાયો કસુંબીનો રંગ; ... હો રાજ

ઘોળી ઘોળી પ્યાલા ભરિયા : રંગીલા હો ! પીજો કસુંબીનો રંગ;
દોરંગા દેખીને ડરિયા; ટેકીલા હો ! લેજો કસુંબીનો રંગ !
હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ.

**– ઝવેરચંદ મેઘાણી**

•

## પ્રાર્થના

જૈસે સૂરજ કી ગરમી સે જલતે હુએ,
તન કો મિલ જાયે તરુવર કી છાયા,
ઐસા હી સુખ મેરે મન કો મિલા હૈ,
મૈં જબ સે શરણ તેરી આયા મેરે રામ..

ભટકા હુઆ મેરા મન થા કોઈ,
મિલ ના રહા થા સહારા
લહરોં સે લડતી હુઈ નાવકો જૈસે
મિલ ના રહા હો કિનારા
ઉસ લડખડાતી હુઈ નાવકો જો કિસીને
કિનારા દિખાયા. ઐસા હી સુખ...

શીતલ બને આગ ચંદન કે જૈસી,
        રાઘવકૃપા હો જો તેરી,
ઉજયાલી પૂનમ કી હો જાયે રાતેં
        જ્યોતિ અમાવસ અંધેરી
યુગ–યુગસે પ્યાસી મરુભૂમિને જૈસે
        સાવન કા સંદેશ પાયા. ઐસા હી સુખ...

જિસ રાહ કી મંઝિલ પે તેરા મિલન હો,
        ઉસ પર કદમ મૈં બઢાઉં
ફૂલો મેં ખારોં મે પતઝડ બહારો મેં.
        મૈં ના કભી ડગમગાઉં
પાની કે પ્યાસે કો તકદીર ને જૈસે,
        જી ભરકે અમૃત પિલાયા. ઐસા હી સુખ..

– રામાનંદ શર્મા

•

## રાષ્ટ્રગીત

### વંદે માતરમ્

વંદે માતરમ્ વંદે માતરમ્,
સુજલામ્ સુફલામ્, મલયજ શીતલામ્.
શસ્ય શ્યામલાં માતરમ્ વંદે...

શુભ્ર–જ્યોત્સના પુલકિતયામિનીમ્,
ફુલ્લકુસુમિતદ્રુમદલશોભિનીમ્,
સુહાસિનીમ્ સુમધુર ભાષિણીમ્,
સુખદાં, વરદાં, માતરમ્,
વંદે માતરમ્, વંદે માતરમ્.

## ભાવાર્થ

[ માતાને વંદન. જે ભૂમિનું જલ સારું છે. જે ફળોથી પરિપૂર્ણ છે, મલય પવનથી જે શીતળ છે અને ધાન્યના ખેતરોથી શ્યામરંગી છે એવી ભૂમિમાતાને વંદન. જે દેશની રાત્રિ ઊજળી–ચાંદનીથી પ્રકાશિત રહે છે, અને જે ખીલેલાં પુષ્પગંધ દ્વારા પ્રફુલ્લિત તથા ગીચ વૃક્ષોથી સુશોભિત છે, એ સુંદર હાસ્યવાળી સુમધુર ભાષી, સુખ આપવાવાળી અને વરદાન આપવાવાળી માતાને વંદન, માતાને વંદન.]

– બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

•

# રાષ્ટ્રગીત

**જનગણમન**

જનગણમન અધિનાયક જય હે ભારત ભાગ્યવિધાતા
પંજાબ, સિન્ધુ, ગુજરાત, મરાઠા, દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિન્ધ્ય, હિમાચલ, યમુના, ગંગા, ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માંગે,
ગાહે તવ જય ગાથા
જનગણ મંગલદાયક જય હે ભારત ભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે.

**– રવીન્દ્રનાથ ટાગોર**

## ભાવાર્થ

હે ભારતના ભાગ્યવિધાતા ! તું આખાય જનસમુદાયના હૃદયનો અધિષ્ઠાતા છે. તારું નામ સાંભળતા પંજાબ, સિંધુ, ગુજરાત, મહારાષ્ટ્ર, દ્રાવિડ, ઉત્કલ અને બંગાળ વગેરે પ્રદેશોનું હૃદય ઊછળી ઊઠે છે. વિન્ધ્ય અને હિમાલયમાં તારા નામનો પડઘો પડે છે. ગંગા અને જમનાના પ્રવાહસંગીતમાં તારું નામ ગૂંજે છે. હિંદ મહાસાગરની લહેરો તારા નામનો મંત્રોચ્ચાર કરે છે. આ સૌ તારા શુભ આશિષ માગે છે અને તારા યશોગાન ગાય છે. જનસમુદાયનું કલ્યાણ કરનાર હે ભારત ભાગ્યવિધાતા ! તારો જય હો ! જય હો ! જય હો !

[આ ગીત ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના કલકત્તા ખાતેના અધિવેશનમાં તા. 27 ડિસેમ્બર, 1911ને રોજ સૌ પ્રથમ ગવાયું. 1947ના ઑગસ્ટની 14મીની મધરાતે બંધારણ સભાના ઐતિહાસિક અધિવેશનમાં પણ આ ગીત ગવાયું હતું. 24મી જાન્યુઆરી, 1950માં બંધારણસભાએ એને 'રાષ્ટ્રગીત' તરીકે જાહેર કર્યું.]

**નોંધ : આ ગીત સમૂહમાં 48 થી 52 સેકંડની સમયમર્યાદામાં પૂર્ણ થવું જોઈએ.**

•

# રાગ આધારિત ફિલ્મી ગીતો

| રાગ | ગીત | ફિલ્મ | ગાયક | સંગીતકાર |
|---|---|---|---|---|
| (1) જૌનપુરી | (1) જાયે તો જાયે કહાં | ટેક્ષી ડ્રાઈવર<br>(1954) | લતા મંગેશકર<br>તલત મહેમૂદ | એસ.ડી.બર્મન |
| | (2) મુઝે ગલે સે લગા | આજ ઔર કલ<br>(1963) | આશા ભોંસલે<br>મહમદ રફી | રવિ |
| (2) ભીમપલાસી | (1) ઓ નીલે ગગન તલે | બાદશાહ<br>(1946) | હેમંતકુમાર<br>લતા મંગેશકર | શંકર–જયકિશન |
| | (2) અય અજનબી તુ ભી કહી | દિલસે<br>(1994) | મહાલક્ષ્મી ઐયર<br>ઉદિત નારાયણ | એ.આર.<br>રહેમાન |
| (3) જયજયવંતી | (1) સુની સુની સાંસકે | લાલપથ્થર<br>(1971) | આશા ભોંસલે | શંકર–જયકિશન |
| | (2) યે દિલકી લગી | મુગલે આઝમ<br>(1960) | લતામંગેશકર | નૌશાદ |
| (4) ગૌડસારંગ | (1) અલ્લા તેરો નામ | હમદોનોં<br>(1961) | લતા મંગેશકર | જયદેવ |
| | (2) કુછ ઔર જમાના | છોટી છોટી બાતેં<br>(1964) | મીનાકપૂર | અનિલ વિશ્વાસ |
| (5) અડાણા | (1) છમ છમ બાજે રે | જાને–અનજાને<br>(1971) | મન્નાડે | શંકર–જયકિશન |
| | (2) રાધિકે તૂને બંસરી ચુરાઈ | બેટી બેટે<br>(1964) | મહમદ રફી | શંકર–જયકિશન |
| (6) શંકરા | (1) દેશ-પરદેશ | દેશ-પરદેશ<br>(1978) | કિશોરકુમાર | રાજેશ રોશન |
| | (2) બે મુરવ્વત બેવફા | સુશીલા<br>(1963) | મુબારક બેગમ | સી અર્જુન |

• • •